(7) કયો હક હવે મૂળભૂત હકને બદલે માત્ર કાનૂની હક છે ?

(અ) સમાનતાનો (બ) મિલકતનો (ક) શોષણ સામેનો (ડ) સ્વતંત્રતાનો

(8) કઈ સાલમાં મિલકતના મૂળભૂત હકને રદબાતલ કરવામાં આવ્યો ?

(અ) 1978 (બ) 1986 (ક) 1994 (ડ) 2001

(9) ભારતીય બંધારણની કઈ કલમ હેઠળ મૂળભૂત ફરજોની જોગવાઈ કરવામાં આવી છે?

(અ) 15-C (બ) 25-B (ક) 51-A (ડ) 75-D

(10) પાઠ્યપુસ્તકના શરૂઆતના પાના પર શેનો ઉલ્લેખ કરવામાં આવે છે ?

(અ) હકો (બ) મૂળભૂત ફરજો (ક) સમવાયતંત્ર (ડ) વિદેશનીતિ

(11) કયા દેશના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણે આપણા બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે ?

(અ) ચીન (બ) આયર્લેન્ડ (ક) બ્રિટન (ડ) ઇન્ડોનેશિયા

(12) બંધારણના કયા ભાગમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે ?

(અ) બીજા (બ) ત્રીજા (ક) ચોથા (ડ) પાંચમા

(13) ધારાસભાઓ સમક્ષ આદર્શ રજૂ કરે છે અને ભારતના વહીવટમાં પથદર્શક છે.

(અ) માર્ગદર્શક સિદ્ધાંતો (બ) ફરજો (ક) રાજકીય નેતાઓ (ડ) સંસ્થાઓ

(14) કોણે કહ્યું હતું કે, માર્ગદર્શક સિદ્ધાંતો એ 'દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.'

(અ) જવાહરલાલ નેહરુ (બ) ગાંધીજી (ક) ડૉ. ભીમરાવ (ડ) સરદાર પટેલ

(15) કઈ કલમ દ્વારા અસ્પૃશ્યતાને નાબૂદ કરવામાં આવી છે ?

(અ) કલમ 17 (બ) કલમ 37 (ક) કલમ 47 (ડ) કલમ 57

(16) નીચે પૈકી કયા રાજ્યમાં દારૂબંધી અમલમાં છે ?

(અ) રાજસ્થાન (બ) ગુજરાત (ક) મહારાષ્ટ્ર (ડ) આંધ્રપ્રદેશ

**પ્રવૃત્તિ**

- મૂળભૂત ફરજોનું વારંવાર વાચન અને અભ્યાસ કરવા તથા તેને વર્તન-વ્યવહારમાં લાવવા પ્રયત્નો કરવા.
- મૂળભૂત હકો વિશે અવારનવાર ચર્ચાસભાઓ ગોઠવવી.

●

# 7 ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા

અગાઉના સમયમાં રાજા જ કાયદા ઘડતા, રાજા જ કાયદાનો અમલ કરતા અથવા તેના અધિકારીઓ મારફતે અમલ કરાવતા અને રાજા જ ન્યાય આપતા. જેમ-જેમ રાજ્યો મોટાં થતાં ગયાં તેમ આ ત્રણે કાર્યો રાજા એકલે હાથે કરી શકે તે શક્ય રહ્યું નહિ. આથી આ કાર્યો તેણે પસંદ કરેલા અને તેને જવાબદાર એવા અધિકારીઓ દ્વારા થવા લાગ્યાં પણ તેમાં રાજાની ઇચ્છા સર્વોપરી અને અંતિમ ગણાતી. જો આ ત્રણે કાર્યો કરવાની સત્તા એક જ વ્યક્તિ (રાજા અથવા સમ્રાટ)ના હાથમાં કેન્દ્રિત થાય તો તેનો દુરુપયોગ થવાની સંભાવના છે. રાજાએ આખરે તો લોકોનાં હિત અને કલ્યાણ માટે શાસન કરવાનું છે.

**સત્તાવિશ્લેષનો સિદ્ધાંત**

જો રાજ્ય (સરકાર)ની સત્તાનો ત્રણ શાખા અથવા અંગોમાં વિશ્લેષ કરવામાં આવે તો આ સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના ઘટે, આ સંદર્ભમાં મોન્તેસ્ક જેવા પશ્ચિમી ચિંતકોએ 'સત્તાવિશ્લેષ'નો સિદ્ધાંત રજૂ કર્યો. આ સિદ્ધાંત અનુસાર રાજ્ય વતી સરકાર જે કાર્યો કરે છે, તે એકબીજાથી જુદા છે. એટલે જુદાં-જુદાં અંગો દ્વારા એ કાર્યો થવાં જોઈએ. દરેક અંગે પોતાનું કાર્ય કરવું જોઈએ, બીજાના કામમાં દરમિયાનગીરી ન કરવી જોઈએ, જો આમ કરવામાં આવે તો સત્તાનું કેન્દ્રીકરણ અમુક વ્યક્તિ કે કેટલીક વ્યક્તિઓમાં ન થાય. પરિણામે સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના ઘટે.

**સરકારનાં અંગો**

**સરકારનાં ત્રણ અંગો**

↓

| ↓ | ↓ | ↓ |
|---|---|---|
| ધારાસભા | કારોબારી | ન્યાયતંત્ર |

દરેક રાજ્ય ચોક્કસ ધ્યેયો કે હેતુઓ સિદ્ધ કરવા માંગતું હોય છે. રાજ્યનાં ધ્યેયો-હેતુઓને સરકાર સરળતાથી અને યોગ્ય રીતે સિદ્ધ કરી શકે તે માટે તેનું ત્રણ શાખાઓમાં વિભાજન કરવામાં આવે છે. આ ત્રણ શાખાઓ કે અંગો આ પ્રમાણે છે : (1) ધારાસભા (2) કારોબારી અને (3) ન્યાયતંત્ર. આ દરેક શાખાને ચોક્કસ કાર્ય સોંપવામાં આવે છે.

ધારાસભાનું મુખ્ય કાર્ય કાયદા ઘડવાનું છે. કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું છે અને ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય કાયદાઓનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું છે. આ ત્રણે શાખાઓમાંથી આપણે આ પ્રકરણમાં ધારાસભાનો વિગતે અભ્યાસ કરીશું.

સરકારની ત્રણ શાખાઓના સંદર્ભમાં સૌથી મહત્ત્વની શાખા તરીકે ધારાસભાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. કારણ કે તે નાગરિકો ઇચ્છાઓને કાયદાના સ્વરૂપમાં તૈયાર કરે છે. અને આમ કાયદાઓ ઘડીને તે કારોબારી અને ન્યાયતંત્રની કામગીરી માટેનો પાયો પૂરો પાડે છે.

દરેક રાજ્યમાં ધારાસભા અસ્તિત્વ ધરાવતી હોવા છતાં, દરેક રાજ્યમાં ધારાસભાને અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. દા.ત., બ્રિટનમાં ધારાસભાને 'પાર્લમેન્ટ', અમેરિકામાં કૉંગ્રેસ, ભારતમાં 'સંસદ' સ્વિટ્ઝર્લૅન્ડમાં સમવાયી સભા (ફેડરેલ એસેમ્બલી) અને જાપાનમાં 'ડાયેટ' તરીકે સંબોધવામાં આવે છે. સામાન્યતઃ પાર્લમેન્ટ શબ્દ વધુ પ્રચલિત છે. આ શબ્દ ફ્રેંચ ભાષાના શબ્દ 'પાર્લેમેન્ટ' પરથી તૈયાર કરવામાં આવ્યો છે. તે શબ્દનો અર્થ થાય છે : 'ચર્ચા માટેનું સ્થળ.' આમ, પાર્લમેન્ટ એટલે એવું સ્થળ જેમાં પ્રજાના પ્રતિનિધિઓ બેસીને ચર્ચા-વિચારણા કરે. ધારાસભાનો અર્થ પણ એવો કરવામાં આવે છે કે, ધારાઓ-કાયદાઓ ઘડવા માટે મળતી સભા તે ધારાસભા.

આ સાથે એ બાબતની નોંધ પણ લેવી જોઈએ કે સમય જતાં બ્રિટન વિશ્વનું સૌથી મોટું સામ્રાજ્ય બન્યું હતું. પરિણામે જ્યારે તેનાં ઘણાં સંસ્થાનો સ્વતંત્ર થયાં ત્યારે તેમની ધારાસભાની રચના બ્રિટિશ પાર્લમેન્ટ દ્વારા થઈ હોવાથી તથા ઘણાં રાજ્યોએ પોત-પોતાની ધારાસભાનું સર્જન કરતી વખતે બ્રિટિશ પાર્લમેન્ટનું અનુકરણ કરીને દ્વિગૃહી ધારાસભા સ્વીકારી હોવાથી બ્રિટિશ પાર્લમેન્ટને 'ધારાસભાઓની માતા' (મધર ઑફ પાર્લમેન્ટ્સ) તરીકે ઓળખવામાં આવે છે.

**ધારાસભાના પ્રકારો અને અર્થ**

મુખ્યત્વે બે પ્રકારની ધારાસભાનો સ્વીકાર થયો છે : (1) એકગૃહી ધારાસભા અને (2) દ્વિગૃહી ધારાસભા.

**એકગૃહી ધારાસભાનો અર્થ :** એકગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે માત્ર એક જ ગૃહની બનેલ હોય. ભૂતકાળમાં ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ વગેરે રાજ્યોમાં ધારાસભા એકગૃહી હતી. પરંતુ સમય જતાં તમામ રાજ્યોએ દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કર્યો છે. આજે એકગૃહી ધારાસભા લગભગ અસ્તિત્વ ધરાવતી નથી.

**દ્વિગૃહી ધારાસભાનો અર્થ :** દ્વિગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે બે ગૃહ ધરાવતી હોય. આધુનિક લોકશાહીમાં જે ગૃહમાં પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાઈને ધારાસભ્યો બેસે છે. તેને પ્રથમ ગૃહ અને જે ગૃહમાં પરોક્ષ ચૂંટણી, નિમણૂક કે વારસાગત પદ્ધતિથી ધારાસભ્યોને મોકલવામાં આવે છે. તેને બીજા ગૃહ તરીકે સંબોધવામાં આવે છે.

**ધારાસભાનાં કાર્યો**

સરકારના એક મહત્ત્વપૂર્ણ અંગ તરીકે ધારાસભા અનેકવિધ કાર્યો કરે છે જે આ મુજબ છે :

**(1) ધારાકીય કાર્ય :** ધારાસભાનું મુખ્ય કાર્ય ધારા/કાયદા ઘડતરનું છે. બદલાતા સમય કે સંજોગો અનુસાર નવા કાયદાઓનું ઘડતર, અસ્તિત્વ ધરાવતા કાયદામાં પરિવર્તન તેમજ બિનજરૂરી કાયદાઓને દૂર કરવાનું કાર્ય કરે છે. વટહુકમને મંજૂર કે નામંજૂર પણ કરે છે.

**(2) નાણાકીય કાર્ય :** ધારાસભા દેશના જાહેર નાણાંની રખેવાળ (કસ્ટોડિયન) ગણાય છે. અંદાજપત્રને મંજૂરી તથા કરવેરાની દરખાસ્તો, નાણાકીય ખર્ચ માટે ધારાસભાની મંજૂરી અનિવાર્ય છે.

**(3) ન્યાયવિષયક કાર્ય :** ધારાસભા કેટલાંક ન્યાયવિષયક કાર્યો પણ કરે છે. જેમ કે, ભારતમાં રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલત, વડીઅદાલતોના ન્યાયાધીશો, ચૂંટણી કમિશનર વગેરે પર મહાભિયોગ દ્વારા હોદ્દા પરથી દૂર કરવાની સત્તા ધરાવે છે.

**(4) ચૂંટણીવિષયક કાર્ય :** રાજ્યના મુખ્ય પદાધિકારીઓ જેવા કે રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગેના મતદારમંડળનું કાર્ય ધારાસભા કરે છે.

**(5) બંધારણસભાનું કાર્ય :** ધારાસભા આ કાર્ય બે સ્વરૂપે કરે છે : (i) સ્વતંત્ર દેશનું બંધારણ ઘડતર કરીને તથા (ii) બંધારણીય સુધારા દ્વારા.

**(6) કારોબારી પર નિયંત્રણ કે અંકુશનું કાર્ય :** સંસદમાં પ્રશ્નો-પેટાપ્રશ્નો, ઠપકાની દરખાસ્ત, અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને ધારાસભા સરકારને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

**(7) ચર્ચા-વિચારણા તેમજ લોકમતનું ઘડતર :** ધારાસભામાં લોકોનું પ્રતિનિધિત્વ આ પ્રતિનિધિઓ લોકોની આકાંક્ષાઓ, અપેક્ષાઓનું પ્રતિબિંબ પાડે છે. લોકમતની અભિવ્યક્તિ તેમાં થાય છે. આ રીતે તે ચર્ચા-વિચારણા દ્વારા પ્રજાના આક્રોશને વ્યક્ત કરનાર 'સેફ્ટી વાલ્વ'ની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આમ, ધારાસભાનું કાર્ય માત્ર કાયદા ઘડવા પૂરતું સીમિત કે મર્યાદિત નથી પરંતુ તે ઘણાં અન્ય મહત્ત્વનાં કાર્યો પણ કરે છે.

**ધારાસભાનું મહત્ત્વ**

લોકશાહી દેશોમાં ધારાસભાનું આગવું મહત્ત્વ છે. ધારાસભા માત્ર કેવળ કાયદો ઘડનાર સંસ્થા જ નથી. પરંતુ તે તમામ

લોકતાંત્રિક રાજકીય પ્રક્રિયાઓનું મહત્ત્વનું કેન્દ્ર છે. ધારાસભામાં અનેક દૃશ્યો જોવા મળે છે. તેમાં ચર્ચા, બહિષ્કાર, વિરોધ, પ્રદર્શન, સર્વસંમતિ, સહયોગ, સહકાર વગેરે તેને સતત ધબકતી અને જીવંત રાખે છે.

જોકે વાસ્તવિક પ્રતિનિધિત્વવાળી કુશળ અને પ્રભાવી ધારાસભા વિના સાચી લોકશાહીની કલ્પના કરવી પણ અશક્ય છે. ધારાસભા જનપ્રતિનિધિઓને નાગરિક પ્રત્યેની ફરજો, ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરાવે છે. આ રીતે ધારાસભા પ્રતિનિધિયુક્ત લોકશાહીનો આધાર છે.

### કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) તથા (બ) રાજ્ય કક્ષાએ ધારાસભા (વિધાનસભા)નો ખ્યાલ મેળવીશું.

**(અ) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) :** 1950ના 26મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક ભારતના બંધારણનો અમલ શરૂ થયો, ત્યારે બંધારણસભા કામચલાઉ ધારાસભામાં ફેરવાઈ ગઈ. 1952માં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ ત્યાં સુધી તેની કામગીરી ચાલુ રહી. પ્રથમ સામાન્ય ચૂંટણી દ્વારા બંધારણની જોગવાઈ પ્રમાણે પુખ્તવય મતાધિકાર દ્વારા ચૂંટાયેલ સંસદસભ્યોની પ્રથમ લોકસભા અસ્તિત્ત્વમાં આવી. આપણા બંધારણમાં કલમ 79થી કલમ 123 દ્વારા સંસદ સંબંધેની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતની સંસદ રાષ્ટ્રપતિ સહિત બે ગૃહોની બનેલી છે. કાયદા માટે તૈયાર કરવામાં આવતો ખરડો બંને ગૃહોમાંથી ત્રણ વાચન બાદ પસાર કરવો જરૂરી છે. ત્યાર બાદ રાષ્ટ્રપતિ સંમતિ આપતા તે કાયદો બને છે. ભારતની સંસદ બ્રિટિશ સંસદ જેટલી સર્વોપરિતા ધરાવતી નથી.

### ભારતની સંસદની રચના

આપણી સંસદ બે ગૃહોની બનેલી છે. આ બે ગૃહો : (1) લોકસભા અને (2) રાજ્યસભા.

લોકસભા કે જેને પ્રથમ ગૃહ કે નીચલા ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. જ્યારે રાજ્યસભા કે જેને 'બીજા ગૃહ' કે 'ઉપલા ગૃહ' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં રાજ્યની વિધાનસભાઓ દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. આ બે ગૃહોમાં લોકસભાનું સ્થાન વિશેષ મહત્ત્વનું છે.

**(1) લોકસભા :** લોકો દ્વારા પ્રત્યક્ષ ધોરણે ચૂંટાયેલા પ્રતિનિધિઓનું આ ગૃહ 'લોકસભા' તરીકે ઓળખાય છે. તેના સભ્યોને મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટતા હોવાથી તેને પ્રજાકીય ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રથમ લોકસભાની રચના 17 એપ્રિલ, 1952માં થયેલી. ત્યારથી મે 2014 સુધી કુલ 16 લોકસભાની રચના થઈ છે.

બંધારણ દ્વારા લોકસભાની સભ્યસંખ્યા પણ નક્કી કરવામાં આવી છે. 1976ના 42મા બંધારણીય સુધારા દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે દરેક રાજ્યને વસ્તીના ધોરણે પ્રતિનિધિઓની ફાળવણી કરી લોકસભાની સભ્યસંખ્યા રાખવી. બંધારણની જોગવાઈ અનુસાર લોકસભાની સભ્યસંખ્યા વધુમાં વધુ 552 હોઈ શકે છે. તેમાંથી 530 સભ્યો એકમ રાજ્યોમાંથી પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય, જ્યારે બાકીના 20 સભ્યો કેન્દ્રશાસિત વિસ્તારોમાંથી ચૂંટાય છે. આ ઉપરાંત, જો રાષ્ટ્રપતિને એમ જણાય કે ઍંગ્લો ઇન્ડિયન સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી, તો આ સમુદાયની બે વ્યક્તિઓની તેઓ લોકસભામાં નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

### સભ્યપદની લાયકાતો

લોકસભાના સભ્યપદ અંગેની લાયકાતો નીચે મુજબ છે, તે વ્યક્તિ

(i) ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 25 વર્ષ પૂરાં કરેલાં હોવાં જોઈએ.

(iii) વખતોવખત સંસદ કાયદો ઘડીને આ સંબંધે જે લાયકાતો નક્કી કરે તે ધરાવતી હોવી જોઈએ.

(iv) ન્યાયાલય દ્વારા નાદાર કે માનસિક રીતે અસ્થિર જાહેર કરાયેલ ન હોવી જોઈએ.

(v) કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

(vi) ન્યાયાલય દ્વારા ગુનેગાર પુરવાર થયેલી ન હોવી જોઈએ.

**કોરમ :** લોકસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે. આ સંખ્યાને 'કોરમ' અથવા 'કાર્યસાધક સંખ્યા' કહે છે.

**લોકસભાની મુદત :** સામાન્ય રીતે આ ગૃહની મુદત પાંચ વર્ષની છે. વિશેષ સંજોગોમાં રાષ્ટ્રપતિ એક વર્ષ માટે મુદત લંબાવી શકે છે. દેશમાં કટોકટી હોય ત્યારે પણ મુદતમાં વધારો કરી શકાય છે. જોકે કટોકટીનો અંત આવ્યા બાદ છ માસથી વધુ સમય માટે મુદત લંબાવી શકાય નહિ. 1976ની રાષ્ટ્રીય કટોકટીમાં લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો હતો અને આજ વર્ષે એટલે કે 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા લોકસભાની સમયમર્યાદા છ વર્ષની કરવામાં આવી હતી. પરંતુ 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા તેની સમયમર્યાદા ફરીથી પાંચ વર્ષની કરવામાં આવી છે.

લોકસભા ગૃહની મુદત પાંચ વર્ષની નક્કી કરવામાં આવી હોવા છતાં પણ ગૃહની મુદત દરમિયાન અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય અથવા વડાપ્રધાન તેમજ તેમના પ્રધાનમંડળને એવું લાગે કે હવે ગૃહ ચાલી શકે તેમ નથી અને તેવી સલાહ રાષ્ટ્રપતિને આપે તો રાષ્ટ્રપતિ ગૃહ વિખેરી નાંખે છે અને નવી ચૂંટણીઓ યોજવા આદેશ આપે છે. આપણી લોકસભાના ઈતિહાસમાં આવું અનેક વખત બન્યું છે અને લોકસભાની મુદત પૂરી થતાં પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું છે.

**સત્ર :** ગૃહનાં સત્રો વર્ષમાં ઓછામાં ઓછી બેવાર બોલાવવાં પડે છે. બે સત્રો વચ્ચે છ માસ કરતાં વધુ સમય પસાર ન થવો જોઈએ. સામાન્ય રીતે આપણે ત્યાં વર્ષમાં ત્રણવાર સત્રો બોલાવવાની પ્રથા છે. રાષ્ટ્રપતિને બેઠકો બોલાવવાનો, બેઠકની મુદત વધારવાનો કે ઘટાડવાનો તેમજ બેઠકને મુલતવી કે બરખાસ્ત કરવાનો અધિકાર છે. ગૃહના અધ્યક્ષ તેમના નામે આ જાહેરાતો ગૃહમાં કરે છે. કટોકટીના સમયે રાષ્ટ્રપતિ તાત્કાલિક બેઠક બોલાવી શકે છે. ક્યારેક રાષ્ટ્રપતિના આદેશ અનુસાર અધ્યક્ષ ખાસ સત્ર પણ બોલાવે છે. જેમ કે આઝાદીનાં પચાસ વર્ષની સુવર્ણ જયંતી ઉજવણી. સામાન્ય રીતે રાષ્ટ્રપતિ દર વખતે પ્રારંભિક બેઠકમાં હાજરી આપે છે અને પોતાનું પ્રવચન કરે છે. આ ગૃહની કાર્યવાહી સામાન્ય રીતે અંગ્રેજી તેમજ હિન્દી ભાષામાં ચાલે છે. સંસદસભ્ય પોતાની માતૃભાષાનો ઉપયોગ ગૃહના અધ્યક્ષની પૂર્વ પરવાનગીથી કરી શકે છે.

**સંસદ સભ્યોના વિશેષાધિકાર**

સંસદસભ્યો પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપતા હોય છે. તેઓ તેમની ફરજો ભય કે કોઈની શેહશરમ વિના બજાવી શકે તે સારુ તેમને કેટલાક વિશેષ અધિકારો પણ બક્ષવામાં આવ્યા છે. જેમકે : વાણીસ્વાતંત્ર્યનો હક, નિર્ભયપણે મતદાનનો હક, પ્રકાશન પ્રવૃત્તિનો હક તેમજ કેટલાક સંજોગોમાં ધરપકડમાંથી મુક્તિનો વિશેષાધિકાર પ્રાપ્ત છે.

લોકસભાની ચૂંટણી પછી જો રાષ્ટ્રપતિને એમ જણાય કે એંગ્લો ઈન્ડિયન સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી, તો આ સમુદાયની બે વ્યક્તિઓની તેઓ લોકસભામાં નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

**લોકસભાગૃહના પદાધિકારીઓ (અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ) :** આ ગૃહની કાર્યવાહી સુચારુ ઢબે ચાલે તે સારુ બંધારણની કલમ 93 મુજબ અધ્યક્ષ (સ્પીકર) તેમજ ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર)ની જોગવાઈ કરવામાં આવી છે. લોકસભાની પ્રથમ બેઠકમાં ગૃહના સભ્યો અધ્યક્ષ તેમજ ઉપાધ્યક્ષની ચૂંટણી બહુમતીથી કરે છે. પ્રણાલી મુજબ બહુમતી ધરાવતા પક્ષના સભ્ય અધ્યક્ષ તરીકે ચૂંટાય છે અને વિરોધ પક્ષના સભ્ય ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાય છે. ક્યારેક બંને પદોની ચૂંટણી સર્વાનુમતે થાય છે. અધ્યક્ષની ગેરહાજરીમાં તેમની કામગીરી ઉપાધ્યક્ષ બજાવે છે.

**લોકસભાના અધ્યક્ષનું સ્થાન તથા કાર્યો :** લોકસભાના અધ્યક્ષનો હોદ્દો ગૌરવપૂર્ણ છે અને તેમનું સ્થાન ન્યાયાધીશ જેવું તટસ્થ અને નિષ્પક્ષ રાખવામાં આવ્યું છે. અધ્યક્ષનું મુખ્ય કાર્ય લોકસભા સત્રનું સંચાલન કરવાનું છે. ગૃહના કામકાજમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટેની જવાબદારી અધ્યક્ષની છે. તેઓ ગૃહના અધ્યક્ષ બન્યા પછી પક્ષીય રાજકારણથી પર થઈ

જાય છે. તેમનું સ્થાન ક્રિકેટમેચના અમ્પાયર જેવું છે. ગૃહમાં સરખા મત પડે ત્યારે તે પોતાનો નિર્ણયાત્મક મત (કાસ્ટિંગ વોટ) આપે છે. ખરડો નાણાકીય છે કે નહિ તે અંગેનું પ્રમાણપત્ર આપવાની સત્તા પણ તેમને છે. વિવિધ દરખાસ્તોને ચર્ચા માટે મંજૂરી આપવાની અને કાર્યવાહીના નિયમોનું અર્થઘટન કરવાની તેમને સત્તા છે. ગૃહના સભ્યોને ક્રમશઃ તેમના મંતવ્યો રજૂ કરવાની પરવાનગી આપે છે. સભ્યોને ગેરવર્તાવ માટે ગૃહમાંથી બરતરફ કરી શકે છે.

અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીનું સંચાલન કરે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહના સંચાલન સંબંધે વિવિધ પક્ષોના પીઢ, અનુભવી, સંસદીય પ્રક્રિયાના તજ્જ્ઞ સભ્યોની એક પેનલ તૈયાર કરવામાં આવી હોય છે. જેને 'સ્પીકર્સ પેનલ' કહે છે. તેના સભ્ય બંનેની ગેરહાજરીમાં ગૃહની કામગીરી સંભાળે છે.

**કાયદા ઘડતરની પ્રક્રિયા**

ધારાસભા અનેક કાર્યો કરે છે જેમાં કાયદાનું ઘડતર કરવાનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. ધારાસભામાં રજૂ થયેલ ખરડો કાયદાનું સ્વરૂપ લે તે પહેલાં તેણે ચોક્કસ કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. સંસદીય અને પ્રમુખીય તંત્રોમાં કાયદા માટેની કાર્યવાહી ભિન્ન હોય છે. જ્યાં સંસદીય તંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દા.ત.,, બ્રિટન તથા ભારત, ત્યાં ખરડાને કાયદો બનાવવા માટે આ પ્રમાણેની કાર્યવાહીમાંથી પસાર કરવો પડે છે.

ધારાસભા દ્વિગૃહી હોય તો નાણાકીય ખરડા સિવાય કોઈ પણ ખરડાને કોઈ પણ એક ગૃહમાં રજૂ કરી શકાય છે. પરંતુ મોટા ભાગે તો ધારાસભાના પ્રથમ ગૃહમાં જ ખરડાને રજૂ કરવામાં આવે છે. આ માટે સૌપ્રથમ ખરડાનો મુસદ્દો તૈયાર કરવામાં આવે છે.

**પ્રથમ વાચન**

મોટા ભાગે ખરડાઓ પ્રધાનો દ્વારા જ રજૂ થતા હોય છે. પ્રધાન ખરડાને રજૂ કરવા માટે ગૃહની મંજૂરી માંગે છે. મંજૂરી મળતાં ગૃહના અધ્યક્ષ તેને ખરડો રજૂ કરવાનું કહે છે. તેમાં ખરડાનું શીર્ષક, તેના હેતુ વગેરેની સ્પષ્ટતા કરવામાં આવે છે. આ પ્રક્રિયા પૂરી થતાં ખરડા ઉપરનું પ્રથમ વાચન પૂરું થયું તેમ ગણવામાં આવે છે. આ તબક્કે ખરડા ઉપર ખાસ ચર્ચા થતી નથી. માત્ર ખરડો કઈ બાબતને સ્પર્શે છે તેનો ખ્યાલ આપવામાં આવે છે.

**બીજું વાચન**

પ્રથમ વાચન દરમિયાન જ બીજા વાચન માટેનો દિવસ નક્કી કરવામાં આવે છે. પરિણામે નક્કી થયેલ દિવસે બીજું વાચન કરવામાં આવે છે. આ તબક્કો ખૂબ જ અગત્યનો ગણાય છે. કારણ કે આ તબક્કે ખૂબ ચર્ચાવિમર્શ થાય છે અને શક્ય તેટલા પ્રમાણમાં આખરી સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. ચર્ચા દરમિયાન ખરડાનો વિરોધ કરનારાઓ તેમાં સુધારા સૂચવે છે. જ્યારે ખરડાના ટેકેદારો જે સુધારાઓ સ્વીકારવા જેવા લાગે તે સ્વીકારે છે. અગર તો જેટલા પ્રમાણમાં સ્વીકારવા યોગ્ય લાગે તેટલા પ્રમાણમાં જ સ્વીકારે છે અથવા તો તેનો અસ્વીકાર પણ કરે છે. ચર્ચા-વિચારણા પૂરી થતાં અધ્યક્ષ તે ખરડાને મતદાન માટે રજૂ કરે છે. જો ખરડાને બહુમતીનો ટેકો મળે તો તે બીજા વાચનમાંથી પસાર થયો ગણાય છે.

જો ખરડો સરકારની નીતિને લગતો હોય અને બીજા વાચનમાંથી તે પસાર ન થઈ શકે તો સરકાર ગૃહમાં બહુમતી ધરાવતી નથી તેમ સાબિત થતાં સંસદીય સરકારની પ્રણાલિકા પ્રમાણે તેણે રાજીનામું આપવું જરૂરી ગણાય છે.

**સમિતિ તબક્કો**

ગૃહના કાર્યબોજના કારણે બીજા વાચન દરમિયાન પણ ખરડા પર વિગતે ચર્ચા-વિચારણા થઈ શકતી નથી. તેથી ગૃહની પ્રવર-સમિતિ (સિલેક્ટ કમિટી) સમક્ષ ખરડાને મોકલવામાં આવે છે. સમિતિ તબક્કા દરમિયાન સમિતિના સભ્યો ખરડા પર વિગતે ચર્ચા હાથ ધરે છે. સમિતિ ખરડામાં સુધારા-વધારા સૂચવે છે અને પોતાનો અહેવાલ તૈયાર કરે છે.

**અહેવાલ તબક્કો**

પ્રવર-સમિતિ ત્યાર પછી ખરડાને તથા તે પરના પોતાના અહેવાલને ગૃહમાં મોકલી આપે છે. ગૃહના સભ્યો

અહેવાલમાંની ભલામણો પર ચર્ચા કરે છે. સમિતિની જે ભલામણો સ્વીકારવા જેવી લાગે તે સ્વીકારે છે અને પછી ખરડાને ત્રીજા વાચન માટે મંજૂર કરે છે.

**ત્રીજું વાચન**

પ્રથમ વાચનની માફક ત્રીજું વાચન પણ ઔપચારિક હોય છે. આ તબક્કા સુધીમાં ખરડાને જે સ્વરૂપ આપવામાં આવ્યું હોય તેમાં આખરી ફેરફાર કરવો હોય તો આ તબક્કે તેમ કરવામાં આવે છે. સામાન્ય રીતે ખરડામાં ખાસ ફેરફાર થતા નથી અને તેને મંજૂર કરવામાં આવે છે.

આ રીતે પ્રથમ ગૃહમાંથી ખરડો પસાર થાય તે પછી તેને બીજા ગૃહમાં એટલે કે રાજ્યસભામાં મોકલવામાં આવે છે. ત્યાં પણ ખરડો ઉપર જણાવેલ તબક્કાઓમાંથી પસાર થાય છે. તે પછી તેને રાજ્યના વડા એટલે કે કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રપતિ અને રાજ્ય કક્ષાએ રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવે છે અને તેમની મંજૂરી મળતાં ખરડો કાયદો બને છે. રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ ખરડાને ફેરવિચારણા માટે પાછો મોકલી શકે છે. પરંતુ જો સંસદ એ ખરડાને તેના તે જ સ્વરૂપે પસાર કરીને પાછો મોકલે તો રાષ્ટ્રપતિએ સહી કરવી જ પડે છે.

**વિરોધપક્ષના નેતા**

લોકશાહીમાં વિરોધપક્ષનું સ્થાન ખૂબ જ અગત્યનું છે. વિરોધપક્ષને સંસદીય લોકશાહીનું મહત્ત્વનું અંગ ગણવામાં આવે છે. આપણે ત્યાં પણ વિરોધપક્ષના નેતાના હોદ્દાને માનભર્યો દરજ્જો પ્રદાન થયો છે.

લોકસભામાં વિરોધપક્ષના નેતાની ગણના વડાપ્રધાનની સમકક્ષ થાય છે. ગૃહમાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થવાના સંજોગોમાં કે સરકારને રાજીનામું આપવું પડે તેવા સંજોગોમાં નવી સરકાર બનાવવાની જવાબદારી તેમના શિરે છે. આમ તે વડાપ્રધાનને યોગ્ય સ્વરૂપે શાસન ચલાવવા પ્રેરિત કરે છે અને તેના બદલામાં તેને વિરોધ કરવાની બંધારણીય અનુમતિ મળે છે.

ચૂંટણીમાં બહુમતી બેઠકો મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે અને તેનાથી ઓછી બેઠકો મેળવનાર પક્ષ વિરોધ પક્ષનું સ્થાન ગ્રહણ કરે છે. વિરોધપક્ષનો દરજ્જો મેળવવા માટે સામાન્ય નિયમ એવો છે કે તેણે કુલ સભ્યસંખ્યાની દસ ટકા બેઠકો મેળવેલી હોવી જોઈએ. જોકે વિરોધપક્ષની માન્યતા અધ્યક્ષ આપી શકે છે. હાલની સોળમી લોકસભામાં માન્ય વિરોધપક્ષ અસ્તિત્વ ધરાવતો નથી. સંસદના ઇતિહાસમાં કદાચ આવું પ્રથમ વખત બન્યું છે. અધ્યક્ષની ડાબી બાજુએ પ્રથમ હરોળમાં વિરોધપક્ષના નેતાને સ્થાન ગ્રહણ કરવાની જોગવાઈ છે. તેમને કેટલાક વિશેષાધિકારો પણ પ્રાપ્ત છે.

**(2) રાજ્યસભા :** બીજા ગૃહ કે ઉપલા ગૃહ તરીકે ઓળખાતા રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્યની વિધાનસભાઓના સભ્યોનાં પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે.

બંધારણની જોગવાઈ અનુસાર રાજ્યસભાની અધિકતમ સભ્યસંખ્યા 250ની નક્કી કરવામાં આવી છે. બંધારણ એ સ્પષ્ટતા પણ કરે છે કે 250 સભ્યોમાંથી 12 સભ્યોની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિને છે. સાહિત્ય, વિજ્ઞાન, કળા, રમત અને સામાજિક સેવાનાં ક્ષેત્રે જે લોકો ખાસ જ્ઞાન ધરાવતા હોય અથવા તો વ્યાવહારિક અનુભવ ધરાવતા હોય તેવા લોકોમાંથી 12 સભ્યોની નિયુક્તિ કરવામાં આવે છે. બાકી રહેલા 238 સભ્યો રાજ્યો તથા કેન્દ્રશાસિત વિસ્તારોના પ્રતિનિધિઓ તરીકે પરોક્ષ પદ્ધતિએ ચૂંટાઈ રાજ્યસભામાં બેસે છે.

દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત વિસ્તારોની તેમની વસ્તીના પ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવે છે. આમ, દરેક રાજ્ય જુદી-જુદી સંખ્યામાં રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. દરેક રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો પોતાના રાજ્યના ફાળે આવેલ સંખ્યા જેટલા રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. આમ, રાજ્યસભાના સભ્યો પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય છે. જ્યારે કેન્દ્રશાસિત વિસ્તારો માટે સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે રીતે રાજ્યસભાના સભ્યો પસંદ થાય છે.

**સભ્યપદની લાયકાતો**

રાજ્યસભાના સભ્ય બનવા આ પ્રમાણેની લાયકાતો નક્કી કરવામાં આવી છે : (i) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.

(ii) ઓછાંમાં ઓછાં 30 વર્ષની વય હોવી જરૂરી છે. (iii) કેન્દ્ર કે રાજ્યસરકારમાં સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ નહિ. (iv) લોકસભાના ઉમેદવાર માટે જે લાયકાતો નક્કી કરવામાં આવી હોય તે તમામ તે ધરાવતો હોવો જોઈએ. (v) કોઈ પણ નાગરિક રાજ્યસભા તથા લોકસભાનું સભ્યપદ એક સાથે ધરાવી શકે નહિ જો કોઈ નાગરિક બંને ગૃહમાં ચૂંટાય તો તેણે કોઈ પણ એક ગૃહના સભ્યપદનો ત્યાગ કરવો પડે છે. (vi) તે અદાલત દ્વારા અસ્થિર મગજનો કે નાદાર ઘોષિત થયેલ ન હોવો જોઈએ.

**કોરમ :** રાજ્યસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે. આ સંખ્યાને 'કોરમ' અથવા કાર્યસાધક સંખ્યા કહે છે.

**ગૃહની મુદત :** રાજ્યસભા એ કાયમી ગૃહ છે તેનો અર્થ એવો થયો કે, આ ગૃહનું ક્યારેય પણ વિસર્જન થતું નથી કે સંપૂર્ણપણે બરખાસ્ત થતું નથી. આ ગૃહના સભ્યો છ વર્ષ માટે ચૂંટાય છે. દર બીજા વર્ષે ગૃહમાંથી તેના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ પ્રમાણમાં નવી ચૂંટણીઓ થાય છે. આમ, સરવાળે નક્કી થયેલ સંખ્યા જળવાઈ રહે છે.

કોઈપણ સભ્ય સભાપતિની પૂર્વ પરવાનગી વિના સતત 60 દિવસ ગેરહાજર રહે, તો તેના સભ્યપદનો અંત આવે છે.

**બેઠક :** લોકસભાની જેમ રાજ્યસભામાં પણ વર્ષમાં બેવાર બેઠક બોલાવવાની હોય છે. બે બેઠકો વચ્ચે છ માસ કરતાં વધુ સમય પસાર થવો જોઈએ નહિ. જોકે આપણે ત્યાં વર્ષમાં ત્રણવાર બેઠકો બોલાવવાની પ્રથા છે.

**સભાપતિ :** રાજ્યસભાની કામગીરીનું સંચાલન કરવા માટે સભાપતિ (ચૅરમૅન) ની નિમણૂક કરવામાં આવે છે. બંધારણીય જોગવાઈ અનુસાર ભારતના ઉપરાષ્ટ્રપતિ (વાઈસ પ્રેસિડન્ટ) પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિનો હોદ્દો સંભાળે છે. લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)ની માફક રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) ને પણ ગૃહમાં સરખા મત પડે ત્યારે પોતાનો 'નિર્ણાયક મત' (કાસ્ટિંગ વોટ) આપવાની સત્તા છે.

જ્યારે ગૃહમાં સભાપતિ ગેરહાજર હોય ત્યારે ગૃહની કાર્યવાહીનું સંચાલન ઉપસભાપતિ સંભાળે છે. રાજ્યસભાગૃહના સભ્યો પોતાના સભ્યોમાંથી જ ઉપાધ્યક્ષ ચૂંટી કાઢે છે. ઉપાધ્યક્ષ રાજીનામું આપીને અથવા સભ્યપદ ગુમાવતાં હોદ્દા પરથી દૂર થાય છે. ગૃહના સભ્યો ચૌદ દિવસની લેખિત નોટિસ આપીને બહુમતીથી ઠરાવ પસાર કરી તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે.

સામાન્ય રીતે સંસદના બંને સભાગૃહો પોતાનું કાર્ય સ્વતંત્રપણે બજાવે છે પણ તેમની વચ્ચે મતભેદ ઊભા થાય ત્યારે સંયુક્ત બેઠક બોલાવવાની જોગવાઈ છે. 1961માં દહેજ પ્રતિબંધક ધારા અંગે પડેલા મતભેદના ઉકેલ માટે આવી પ્રથમ જ વાર સંયુકત બેઠક બોલાવવામાં આવી હતી. જોકે ત્યાર બાદ આવી સંયુક્ત બેઠકો ક્યારેક જ બોલાવવામાં આવી છે.

રાજ્યસભાના સભ્યોની સલામતી અને માન જાળવી શકાય તે માટે તેમને લોકસભાના સભ્યોની જેમ જ કેટલાક વિશેષાધિકારો પ્રાપ્ત છે.

સંસદના બીજા ગૃહ એવા રાજ્યસભાની ઉપયોગિતા કે તેના મહત્ત્વ વિશે અવારનવાર સવાલો ઊભા થતાં રહે છે. મોટાભાગનાં લોકશાહી રાજ્યોમાં ધારાસભાના બીજા ગૃહનું સ્થાન પ્રથમ ગૃહના સ્થાન કરતાં ગૌણ જ રહ્યું છે.

**આવાસ તેમજ વેતન-ભથ્થાં :** સંસદના બંને ગૃહના સભ્યોને કાયદા દ્વારા વખતોવખત યોગ્ય વેતન-ભથ્થાં અને આવાસ તેમજ વાહન-વ્યવસ્થાની સવલતો આપવામાં આવે છે.

**(બ) રાજ્યકક્ષાએ ધારાસભા :** આપણા બંધારણમાં કલમ 168થી કલમ 193 દ્વારા રાજ્યોની ધારાસભાઓ અંગેની જોગવાઈઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે. કેન્દ્રમાં જેમ સંસદ છે તેવી જ રીતે રાજ્યોમાં ધારાસભાની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારામંડળની સમાન પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. પરંતુ આપણે ત્યાં દરેક રાજ્યની ધારાસભા દ્વિગૃહી નથી. કેટલાંક રાજ્યોમાં તે એક ગૃહી છે તો કેટલાંક રાજ્યોમાં તે દ્વિગૃહી છે. આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,

તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં દ્વિગૃહી ધારાસભાઓ અસ્તિત્ત્વમાં છે. જ્યારે ગુજરાતમાં એકગૃહી ધારાસભા છે.

જે રાજ્યની ધારાસભા દ્વિગૃહી હોય તેના પ્રથમ ગૃહને વિધાનસભા (લેજિસ્લેટિવ એસેમ્બલી) અને બીજા ગૃહને વિધાન પરિષદ (લેજિસ્લેટિવ કાઉન્સિલ) તરીકે ઓળખવામાં આવે છે. જે-તે રાજ્યની ધારાસભાના બહુમતી સભ્યોના ઠરાવ દ્વારા રાજ્યને એકગૃહીમાંથી દ્વિગૃહી કે દ્વિગૃહીમાંથી એકગૃહી કરી શકાય છે. જ્યારે આવો ફેરફાર થાય ત્યારે તેને બંધારણીય સુધારા ગણવામાં આવતા નથી અને તેને સામાન્ય કાયદાની માફક જ પસાર કરવામાં આવે છે.

**વિધાનસભાની રચના**

રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે. લોકસભાની માફક વિધાનસભાની રચના પણ પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા કરવામાં આવે છે. પુખ્તવય મતાધિકાર ધરાવતા મતદારો પોતપોતાના મતદાર વિભાગમાં ચૂંટણી લડતા ઉમેદવારોમાંથી પોતાને યોગ્ય લાગે તે ઉમેદવારને મત આપે છે. સૌથી વધારે મત મેળવનાર ઉમેદવાર ચૂંટાઈને વિધાનસભાનો સભ્ય બને છે. જેને આપણે ધારાસભ્ય તરીકે ઓળખીએ છીએ.

બંધારણની જોગવાઈઓ અનુસાર આમ તો વિધાનસભાના સભ્યોની સંખ્યા વસ્તીના ધોરણે નક્કી થતી હોય છે. તેમ છતાં પણ તેમના પર મર્યાદા મૂકવામાં આવી છે અને તે મુજબ ધારાસભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 60 તેમજ વધુમાં વધુ 500ની રાખી શકાય છે.

બંધારણની કલમ 333 ની જોગવાઈ અનુસાર જો રાજ્યપાલને એમ જણાય કે એંગ્લોઇન્ડિયન સમુદાયને વિધાનસભામાં પ્રતિનિધિત્વની જરૂર છે અને તેને યોગ્ય પ્રતિનિધત્વિ મળ્યું નથી. તો તે સમુદાયના એક સભ્યની નિમણૂક તેઓ કરી શકશે. આ પ્રકારની નિમણૂક કરવાની સમયમર્યાદા બંધારણના અમલથી દસ વર્ષ માટે રાખવામાં આવી હતી. સાથે-સાથે અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓ માટેની અનામત બેઠકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ તે પછી દર દસ વર્ષે બંધારણમાં સુધારો કરી આ સમયમર્યાદા દસ-દસ વર્ષ વધારવામાં આવી છે.

**ગૃહની મુદત**

બંધારણની જોગવાઈઓ અનુસાર લોકસભાની માફક રાજ્યોની વિધાનસભાની મુદત પણ પાંચ વર્ષની રાખવામાં આવી છે. કટોકટી અથવા તો ખાસ સંજોગોમાં આ મુદતમાં એક વર્ષનો વધારો કરી શકાય છે. માત્ર જમ્મુ-કશ્મીર રાજ્યની વિધાનસભાની મુદત 6 (છ) વર્ષની છે.

**સભ્યપદ માટેની લાયકાતો :**

બંધારણની કલમ 173 દ્વારા વિધાનસભા અને વિધાનપરિષદના સભ્ય માટે નીચે પ્રમાણેની લાયકાતો નક્કી કરવામાં આવી છે :

(i) ભારતનો નાગરિક હોવો જોઈએ. (ii) વિધાનસભાના સભ્ય બનવા માટે નાગરિકની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષની અને વિધાન-પરિષદના સભ્ય બનવા માટે નાગરિકની ઉમર 30 વર્ષની હોવી જોઈએ. (iii) આ અંગે સંસદ દ્વારા જે લાયકાતો નક્કી થાય તે, ધરાવતો હોવો જોઈએ.

**સત્ર બોલાવવું, સત્ર મુલતવી રાખવું, સત્રનું વિસર્જન કરવું**

બંધારણીય જોગવાઈ અનુસાર વિધાનસભાનાં સત્રો સામાન્ય રીતે વર્ષમાં બેવાર બોલાવવાના હોય છે અને બે સત્રો વચ્ચે છ માસ કરતા વધુ સમય પસાર થવો જોઈએ નહિ. આપણે ત્યાં સંસદની જેમ વિધાનસભાનાં સત્રો પણ વર્ષમાં ત્રણવાર બોલાવવાનો શિરસ્તો છે. આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને જે સત્તાઓ છે તેવા જ પ્રકારની સત્તાઓ રાજ્યમાં રાજ્યપાલને છે. રાજ્યપાલને સત્રો બોલાવવાનો, સત્રોની મુદતમાં વધારો કે ઘટાડો કરવાનો તેમજ સત્રને મુલતવી કે બરખાસ્ત કરવાનો અધિકાર છે.

### રાજ્યપાલનું સંબોધન

રાજ્યપાલ રાજ્યની વિધાનસભાના દરેક ગૃહને અથવા તો તેના બંને ગૃહની સંયુક્ત બેઠકને સંબોધી શકે છે. રાજ્યની ધારાસભામાં પસાર થયા ન હોય તેવા ખરડાના સંદર્ભમાં અથવા અન્ય સંદેશાઓ મોકલી શકે છે. અને તેના પર સંબંધિત ગૃહ ઝડપથી ધ્યાન આપે છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી પ્રથમ સત્રના પ્રારંભે રાજ્યપાલ વિધાનસભાને સંબોધે છે.

વિધાનસભાની પાંચ વર્ષની મુદત દરમિયાન જો રાજ્યપાલને એમ જણાય કે રાજ્યની વિધાનસભા બંધારણીય રીતે ચાલી શકે તેમ નથી તો તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિને પોતાનો અહેવાલ મોકલે છે. અને બંધારણની કલમ 356 અનુસાર રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાગુ કરવાની ભલામણ કરે છે. પરિણામે ત્યાં નવેસરથી ચૂંટણી યોજવામાં આવે છે.

### કોરમ (કાર્યસાધક સંખ્યા)

અગાઉ જોયું તે મુજબ ગૃહની કુલ સભ્યસંખ્યાના દસમા ભાગની સંખ્યાને કોરમ કહે છે. કોરમની સંખ્યા જેટલા સભ્યો ગૃહમાં હાજર ન હોય તો સભાપતિ કે અધ્યક્ષ દ્વારા ગૃહને કાં તો સ્થગિત કરવામાં આવે છે અથવા તો કોરમ સધાય ત્યાં સુધી બેઠકને મોકૂફ રાખવામાં આવે છે.

દા.ત., ગુજરાત વિધાનસભામાં કુલ સભ્યસંખ્યા 182 છે તેથી 19 સભ્યોની હાજરી કોરમ માટે જરૂરી ગણાય.

### અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ

આગળ આપણે લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ અંગે વિગતે ખ્યાલ મેળવ્યો. તેમના માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તેવી જ જોગવાઈઓ વિધાનસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ માટે કરવામાં આવી છે. તેથી આપણે તે વિશે પુનરાવર્તન કરીશું નહિ.

### વિધાનસભાની સત્તાઓ

વિધાનસભાનું સ્થાન તેમજ તેનું મહત્ત્વ લોકસભા જેવું જ છે. તેની સત્તાઓ નીચે મુજબ છે :

**(1) ધારાકીય સત્તા :**

(i) વિધાનસભાની ધારાકીય સત્તાઓ ઘણી વ્યાપક અને પરિણામલક્ષી છે.

(ii) તે રાજ્ય યાદીના 66 અને સંયુક્ત યાદીના 47 વિષયોમાંથી કોઈ પણ વિષય ઉપર કાયદો ઘડી શકે છે.

(iii) કટોકટીના સંજોગોમાં આ ગૃહની સત્તાઓ ઉપર રાષ્ટ્રપતિ નિયંત્રણ મૂકી શકે છે. સામાન્ય સ્થિતિમાં આ ગૃહ અસરકારક અને નિર્ણાયક સત્તાઓ ધરાવે છે.

**(2) નાણાકીય સત્તા :**

(i) વાર્ષિક અંદાજપત્ર (બજેટ) અને કોઈ પણ નાણાકીય ખરડો પ્રથમ આ ગૃહમાં જ રજૂ થાય છે.

(ii) નાણાકીય બાબતોમાં આ ગૃહનો જ મહત્તમ પ્રભાવ હોય છે. તેણે પસાર કરેલા આવા ખરડા ઉપર રાજ્યપાલે સહી કરવી જ પડે છે.

(iii) ખરડો નાણાકીય છે કે બિનનાણાકીય તે માટે વિધાનસભાના અધ્યક્ષનો જ નિર્ણય અંતિમ ગણાય છે.

**(3) કારોબારી સત્તા :**

(i) સંસદીય પ્રથાની પ્રણાલી અનુસાર વિધાનસભામાં બહુમતી પ્રાપ્ત કરનાર પક્ષ કે પક્ષોનું સંયુક્ત મંત્રીમંડળ રચાય છે.

(ii) સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત મુજબ મંત્રીમંડળે વિધાનસભાનો વિશ્વાસ વ્યક્તિગત કે સામૂહિક સ્વરૂપે જાળવી રાખવા અનિવાર્ય હોય છે.

(iii) સમગ્ર મંત્રીમંડળ એક ટીમ તરીકે સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર હોય છે.

(iv) વિધાનસભાના સભ્યો રાજ્યના મંત્રીમંડળ સામે અવિશ્વાસની દરખાસ્ત બહુમતીથી પસાર કરે તો સમગ્ર મંત્રીમંડળે રાજીનામું આપી દેવું પડે છે.

(v) વિધાનસભાના સભ્યો વહીવટને લગતા તેમજ અગત્યની નીતિવિષયક બાબતોને લગતા પ્રશ્નો કે પેટા પ્રશ્નો મંત્રીઓને પૂછી શકે છે અને આ રીતે તેમના પર અંકુશ રાખે છે.

(vi) વિધાનસભાની વિવિધ સમિતિઓ જેવી કે, જાહેર હિસાબ સમિતિ, અંદાજ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, વિશેષાધિકાર સમિતિ વગેરેના માધ્યમ દ્વારા મંત્રીમંડળ પર લગામ રાખવામાં આવે છે.

(vii) ધારાસભ્યો હોદ્દાની રૂએ જિલ્લા આયોજન સમિતિ, સંકલન સમિતિ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સહ સભ્યો તરીકે રાજ્યના વહીવટમાં રસ લે છે.

આમ, વિધાનસભાના સભ્યો વિધાનસભાની અંદર તેમજ બહાર રહીને પણ સતત સક્રિય રહી શકે છે અને રાજ્યના વિકાસમાં યોગદાન આપે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) લોકસભાની રચના વર્ણવો.

(2) રાજ્યસભાની રચના વર્ણવો.

(3) વિધાનસભાની રચના વર્ણવો.

(4) કાયદા ઘડતરની પ્રક્રિયા જણાવો.

(5) વિધાનસભાની સત્તાઓ જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ધારાસભાનાં કાર્યો

(2) લોકસભાના અધ્યક્ષનાં કાર્યો

(3) વિરોધપક્ષના નેતા

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) વિધાનસભા અને વિધાનગૃહના સભ્યોની સભ્યપદ માટેની યોગ્યતાઓ જણાવો.

(2) સંસદનાં બંને ગૃહોના સભ્યપદ માટેની લાયકાતો જણાવો.

(3) ધારાસભાના પ્રકારો જણાવો.

(4) સંસદ સભ્યોના વિશેષાધિકાર જણાવો.

(5) ધારાસભાનું મહત્ત્વ જણાવો.

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) કયા-કયા ગૃહનાં વિસર્જન થતાં નથી ?

(2) આપણા દેશમાં કયા રાજ્યની વિધાનસભાની મુદત છ વર્ષની છે ?

(3) કયા સંજોગોમાં લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો થાય છે ?

(4) ધારાસભાનું મુખ્ય કાર્ય કયું છે ?

(5) કાર્યસાધક સંખ્યા એટલે શું ?

**6. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) લોકસભાની સમયમર્યાદા કેટલી છે ? ☐

(અ) 3 વર્ષ (બ) 4 વર્ષ (ક) 5 વર્ષ (ડ) 6 વર્ષ

(2) કયા ગૃહનું વિસર્જન થઈ શકે છે ? ☐

(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનપરિષદ (ડ) ઉમરાવસભા

(3) ધારાગૃહોમાં કોનું સ્થાન ખૂબ અગત્યનું છે ? ☐

(અ) વિરોધપક્ષના નેતા(બ) ન્યાયાધીશ (ક) સચિવ (ડ) ઉપસચિવ

(4) 'કાસ્ટિંગ વૉટ' આપવાની સત્તા કોણ ધરાવે છે ? ☐

(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) ન્યાયાધીશ (ડ) ધારાસભાના અધ્યક્ષ

(5) મહાભિયોગની કાર્યવાહી કરવા કોણ સક્ષમ છે ? ☐

(અ) સંસદ (બ) સર્વોચ્ચ અદાલત (ક) વડીઅદાલત (ડ) વિધાનસભા

(6) સંસદમાં ત્રણેય વાચનમાંથી પસાર થયેલા ખરડા પર કોની સહી થતાં ખરડો કાયદો બને છે ? ☐

(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ (ક) વડાપ્રધાન (ડ) અધ્યક્ષ

(7) લોકસભામાં ખરડો કઈ સમિતિ સમક્ષ રજૂ કરાય છે ? ☐

(અ) પ્રવર (બ) ન્યાયકીય (ક) સામાજિક (ડ) નાણાકીય

(8) કયું ગૃહ કાયમી છે ? ☐

(અ) રાજ્યસભા (બ) લોકસભા (ક) વિધાનસભા (ડ) ગ્રામસભા

**પ્રવૃત્તિ**

- વિધાનસભા અને લોકસભા રાજ્યસભાની કાર્યવાહીની પ્રત્યક્ષ મુલાકાત.
- સ્થાનિક સંસદસભ્યનો વાર્તાલાપ યોજવો.
- લોકસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષશ્રીઓની નામાવલિનો ચાર્ટ બનાવો.
- શાળામાં મૉક ધારાસભાનું આયોજન કરવું.
- મતદાન-પ્રક્રિયાની વિગતો એકઠી કરવી.

•

# 8 ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ કારોબારી

બીજા વિશ્વયુદ્ધ પછી આધુનિક રાજ્યોએ કલ્યાણ રાજ્યના ખ્યાલને સ્વીકાર્યો છે. તેથી રાજ્યનું કાર્યક્ષેત્ર દિન-પ્રતિદિન વિસ્તરતું જાય છે. લોકકલ્યાણના સાધન તરીકે રાજ્ય કાર્ય કરે તેવી અપેક્ષા રખાય છે. રાજ્ય સરકારરૂપી સાધન દ્વારા રાજ્યના ધ્યેયને મૂર્તિમંત કરવા પ્રયત્નશીલ બને છે. આ ધ્યેયને ચરિતાર્થ કરવા સરકારને ત્રણ અંગોમાં વિભાજિત કરવામાં આવે છે : (1) ધારાસભા (2) કારોબારી (3) ન્યાયતંત્ર.

કારોબારી સરકારનું એક અતિ મહત્ત્વનું અંગ છે. તેનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું છે. શાસનવિષયક નીતિ ઘડવાનું તેમજ તે અંગે પગલાં લેવાનું કાર્ય પણ તે કરે છે.

**કારોબારી : અર્થ અને વ્યાખ્યા**

કારોબારીની વ્યાખ્યા બે અર્થમાં કરી શકાય. સરળ અર્થમાં કહીએ તો, જે રાજ્યનો કારોબાર (વહીવટ) ચલાવે તે કારોબારી. વિશાળ અર્થમાં કારોબારીનો અર્થ સમજાવતાં પ્રા. જે. ડબલ્યુ ગાર્નર લખે છે કે, રાજ્યની ઇચ્છા, નીતિ અને ધ્યેયને કાયદા દ્વારા વ્યક્ત થયા પછી તે ધ્યેયનો અમલ કરતાં તમામ પદાધિકારીઓ, કર્મચારીઓ અને સંસ્થાઓનો કારોબારીમાં સમાવેશ થાય છે. આ વિશાળ અર્થમાં કારોબારીમાં રાજ્યના વડાથી માંડીને પ્રધાનો, સનદી અમલદારો, કર્મચારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

ભારતમાં કારોબારી એટલે, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.

**કારોબારીના મુખ્ય બે પ્રકારો**

**(1) સંસદીય કારોબારી : અર્થ :** જે તંત્રમાં ધારાસભા અને કારોબારી વચ્ચે પરસ્પર ગાઢ સંપર્ક હોય અને કારોબારી ધારાસભાનું સર્જન ગણાતી હોય તેમજ તે ધારાસભાને જવાબદાર હોય, તેવી કારોબારીને સંસદીય કારોબારી કહેવામાં આવે છે. ગ્રેટ બ્રિટન સંસદીય કારોબારીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. આપણે ભારતમાં પણ સંસદીય કારોબારી સ્વીકારી છે.

**(2) પ્રમુખીય કારોબારી :** પ્રમુખીય કારોબારીની રચના ફ્રેંચ ચિંતક માન્તેસ્કેએ આપેલા સત્તા-વિશ્લેષના સિદ્ધાંત મુજબ થાય છે.

**અર્થ :** જ્યારે ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં ન હોય, તેમજ કારોબારી ધારાસભાને જવાબદાર નહિ, પરંતુ સ્વતંત્ર હોય, તેવી કારોબારીને પ્રમુખીય કારોબારી કહે છે. અમેરિકા (યુ.એસ.એ.) પ્રમુખીય કારોબારીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે.

**કારોબારીનાં કાર્યો**

સામાન્ય રીતે કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાનો અમલ કરવાનું છે. પરંતુ આધુનિક રાજ્યોએ કલ્યાણ રાજ્યનું ધ્યેય સ્વીકાર્યું હોવાથી રાજ્યના કાર્યક્ષેત્રની ક્ષિતિજો દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. રાજ્યનાં કાર્યોમાં ઘણો વધારો થતો રહ્યો છે.

**(1) વહીવટવિષયક કાર્યો :** રાજ્યનો સામાન્ય કારોબાર કે વહીવટ કારોબારી ચલાવે છે. આ કાર્ય અતિ મહત્ત્વનું છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે તેમજ પ્રજાની આકાંક્ષાઓ, અપેક્ષાઓ, પરિપૂર્ણ કરવાનું રાજ્યનું ધ્યેય છે. આ ધ્યેય ત્યારે જ સાર્થક થાય જ્યારે રાજ્યમાં કાયદો-વ્યવસ્થા અને શાંતિની જાળવણી થાય. આંતરિક વહીવટની નિષ્ફળતાથી અશાંતિ, અંધાધૂંધી, અરાજકતા પ્રવર્તે છે. પરિણામે સમાજનો વિકાસ અવરોધાય છે. આમ, સ્થિર અને તંદુરસ્ત વહીવટ એ રાજ્ય અને સમાજના વિકાસની પૂર્વશરત છે.

**(2) યુદ્ધ કે સંરક્ષણવિષયક કાર્યો :** રાજ્યની સરહદોનું રક્ષણ કરવાનું કાર્ય કારોબારીના માર્ગદર્શન હેઠળ લશ્કર કરે છે. રાજ્યની અખંડિતતા જાળવીને લોકોને સલામતી બક્ષવાનું કાર્ય કારોબારી બજાવે છે.

ભારતમાં રાષ્ટ્રપતિ લશ્કરીદળોના સર સેનાધિપતિ છે. તેઓ યુદ્ધ જાહેર કરવાની સત્તા ધરાવે છે. લશ્કરી સજ્જતા સતત તૈયારી, તકેદારી, સજાગતા માગી લે છે. નાગરિક જીવનમાં કે બિનયુદ્ધકીય સંજોગોમાં જેવા કે, અતિવૃષ્ટિ, કોમી તોફાનો જેવી આંતરિક અશાંતિવાળી અસામાન્ય પરિસ્થિતિમાં લશ્કર મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(3) વિદેશ નીતિવિષયક કાર્યો :** દુનિયામાં કોઈ પણ રાજ્ય સંપૂર્ણપણે સ્વાવલંબી નથી. પોતાના રાજ્યની જરૂરિયાતોને પહોંચી વળવા તેને અન્ય રાજ્યો સાથે સંબંધ બાંધવો પડે છે. આ કાર્ય કારોબારી દ્વારા વિદેશમાં નિયુક્ત રાજદૂતો કે હાઈકમિશનર દ્વારા થાય છે.

**(4) ન્યાયવિષયક કાર્યો :** દેશના કારોબારી વડા ન્યાયાધીશોની નિમણૂક કરવાની તેમજ ગુનેગારની સજામાં ઘટાડો કરવાની, સજાને મોકૂફ રાખવાની, તેમાં ફેરફાર કરવાની કે તેને માફ કરવાની સત્તા ધરાવે છે. આ રીતે કેટલાક ન્યાયવિષયક કાર્યો પણ કરે છે.

**(5) નાણાવિષયક કાર્યો :** રાજ્યનું કાર્યક્ષેત્ર દિનપ્રતિદિન વિસ્તરતું જાય છે. તે માટે નાણાકીય સાધનોની જરૂર પણ વધતી જાય છે. કારોબારી દેશના વિકાસાર્થે આવકનાં નવાં સાધનો ઊભાં કરે છે. રાજ્યના કારોબારી વડા વતી સામાન્યતઃ રાજ્યના નાણાપ્રધાન તે વર્ષ માટેનું અંદાજપત્ર (બજેટ) તૈયાર કરે છે અને સંસદમાં રજૂ કરે છે. નાણાકીય ફાળવણી કેન્દ્ર અને ઘટક રાજ્યો વચ્ચે કરે છે.

**(6) ધારાકીય કાર્યો :** ધારાકીય કાર્યો ધારાસભા કરતી હોવા છતાં પણ કારોબારી કેટલાંક ધારાકીય કાર્યો કરતી હોય છે. જેમકે, કારોબારી મોટે ભાગે ખરડા તૈયાર કરવાનું કાર્ય કરે છે.

આમ, કારોબારી અનેકવિધ કાર્યો કરીને રાજ્યનાં ધ્યેયો પાર પાડવા સતત પ્રવૃત્ત રહે છે.

### કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ કારોબારી

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્ર કક્ષાએ કારોબારી તથા (બ) રાજ્ય કક્ષાએ કારોબારીની ચર્ચા કરીશું.

આપણે જોયું કે ધારાસભાનું મુખ્ય કાર્ય ધારા ઘડવાનું અને કારોબારી ઉપર અંકુશ મૂકવાનું છે. સંસદીય શાસનપદ્ધતિમાં કારોબારીને પોતાનાં સર્જન અને સત્તા પર ચાલુ રહેવા ધારાસભા પર આધાર રાખવો પડે છે. એ દૃષ્ટિએ આ શાસનપદ્ધતિમાં ધારાસભાનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. કારોબારીનું મુખ્ય કાર્ય નીતિવિષયક નિર્ણયો લેવાનું અને ધારાસભાએ પસાર કરેલ કાયદાઓનો અમલ કરવાનું છે.

**(અ) કેન્દ્ર કક્ષાએ કારોબારી :** કેન્દ્ર કક્ષાએ કારોબારીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન-પ્રધાનમંડળનો સમાવેશ થાય છે. હવે આપણે એ બધા વિશે વિગતે જાણકારી મેળવીએ.

### રાષ્ટ્રપતિ

ભારતમાં ગ્રેટ બ્રિટનની જેમ સંસદીય પ્રકારની સરકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ બ્રિટનમાં રાજ્યનાં સર્વોચ્ચ વડા તાજ (તાજ ધારણ કરનાર રાજા અથવા રાણી) છે. તાજને ધારણ કરનાર રાજા અથવા રાણી વંશપરંપરાગત રીતે એ હોદ્દો ધારણ કરે છે. જ્યારે ભારત પ્રજાસત્તાક રાજ્ય છે અને રાજ્યના બંધારણીય વડા રાષ્ટ્રપતિ છે. આપણે ત્યાં રાષ્ટ્રપતિનો હોદ્દો વંશ પરંપરાગત નથી પણ તેમની પરોક્ષ પદ્ધતિથી ચૂંટણી કરવામાં આવે છે.

ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર કારોબારીની સત્તાઓ રાષ્ટ્રપતિને છે. તેઓ આ સત્તાનો અમલ સીધેસીધો અથવા તો તેમના હાથ નીચેના અધિકારીઓ મારફત કરી શકે છે.

### રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો

રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ નીચેની લાયકાતો ધરાવતી હોવી જોઈએ :

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલ હોવી જોઈએ.

(iii) તેનામાં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત હોવી જોઈએ.

(iv) તે કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

### રાષ્ટ્રપતિની ચૂંટણી-પ્રક્રિયા

ભારત પ્રજાસત્તાક દેશ છે. ઉપરાંત આપણે સંસદીય શાસન પદ્ધતિનો સ્વીકાર કર્યો હોવાથી રાજ્યના સર્વોચ્ચ વડા રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી ગુપ્ત મતદાનથી, પસંદગીનો ક્રમ બતાવીને થાય છે. તેમની ચૂંટણી માટે બે નિશ્ચિત મતદાર મંડળોની રચના કરવામાં આવે છે. આ મતદાર મંડળોમાં (ક) સંસદના બંને ગૃહના ચૂંટાયેલા સભ્યો અને (ખ) રાજ્યોની વિધાનસભાઓમાં ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

### શપથવિધિ

રાષ્ટ્રપતિએ હોદ્દો ધારણ કરતાં પહેલાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેમની ગેરહાજરીમાં સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિની હાજરીમાં ગુપ્તતાના સોગંદ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે છે. આ શપથ દ્વારા રાષ્ટ્રપતિ બંધારણ, કાયદાનું રક્ષણ કરવાની તથા ભારતના લોકોની સેવા અને કલ્યાણમાં પ્રવૃત્ત રહેવાની ખાતરી આપે છે.

### સમય-અવધિ

ભારતીય બંધારણની જોગવાઈઓ અનુસાર તેઓ પદ ગ્રહણ કરે ત્યારથી પાંચ વર્ષ માટેની મુદત સુધી તેઓ હોદ્દા પર રહે છે.

### રાષ્ટ્રપતિનો હોદ્દો ક્યારે ખાલી પડે ?

(ક) તેઓ હોદ્દા પર જ હોય અને અવસાન પામે અથવા (ખ) તેઓ હોદ્દા પરથી રાજીનામું આપે અથવા

(ગ) તેમની ચૂંટણીને ગેરબંધારણીય ઠરાવવામાં આવે. અથવા (ઘ) બંધારણીય કલમ-61 અનુસાર મહાભિયોગની પ્રક્રિયા દ્વારા હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે. રાષ્ટ્રપતિપદ ખાલી પડે તેના છ માસમાં જ તેમની ચૂંટણી કરવી પડે છે. તે દરમિયાન ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કામગીરી બજાવે છે.

### રાષ્ટ્રપતિની સત્તાઓ

રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ બંધારણીય વડા છે. બંધારણ દ્વારા તેમને વ્યાપક-વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાઓનો ઉપયોગ તેઓએ વડાપ્રધાન-મંત્રીમંડળની સલાહ અને મદદથી જ કરવાનો હોય છે. આ સત્તાઓને પાંચ વિભાગમાં વહેંચી શકાય છે : (1) ધારાકીય સત્તાઓ (2) કારોબારી સત્તાઓ (3) ન્યાયવિષયક સત્તાઓ (4) નાણાકીય સત્તાઓ અને (5) કટોકટીવિષયક સત્તાઓ.

**(1) ધારાકીય સત્તાઓ :** રાષ્ટ્રપતિ સંસદના અવિભાજ્ય અંગ ગણાય છે એ અનુસાર તેઓ કેટલીક ધારાકીય સત્તાઓ ધરાવે છે.

(i) તેઓ સંસદના બંને ગૃહોની બેઠકો બોલાવવાની, સત્ર સમાપ્તિ કરવાની અને લોકસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

(ii) કોઈપણ ખરડો રાષ્ટ્રપતિની સહી થયા પછી જ કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.

(iii) સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે કોઈ મહત્ત્વની કે તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા વટહુકમો બહાર પાડવાની સત્તા ધરાવે છે. આવા વટહુકમોને સંસદની બેઠક મળે ત્યારથી છ અઠવાડિયામાં ગમે તે ગૃહ સમક્ષ રજૂ કરવા પડે છે. આવા વટહુકમોની અસર સંસદે ઘડેલા કાયદા જેવી જ હોય છે.

(iv) નાણાકીય ખરડા સિવાયના કોઈપણ ખરડાને સંસદની પુનઃવિચારણા માટે પરત મોકલી શકે છે.

(v ) કોઈપણ ખરડા બાબત બંને ગૃહો વચ્ચે મતભેદ પડે તો તેઓ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.

**(2) કારોબારી સત્તા :** ભારતના રાષ્ટ્રપતિ બંધારણીય દૃષ્ટિએ કારોબારીના વડા છે. બંધારણની કલમ 53માં દર્શાવ્યા મુજબ સંઘની બધી જ કારોબારી સત્તાઓ રાષ્ટ્રપતિને હસ્તક મૂકવામાં આવી છે. જેનો ઉપયોગ તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે

પોતાને આધીન એવા અધિકારીઓ દ્વારા કરે છે.

રાષ્ટ્રપતિ બધી મહત્ત્વની નિમણૂકો કરવાની સત્તા ધરાવે છે. જેમાં

(i) વડાપ્રધાનની નિમણૂક તેમજ તેમની સાથે મસલત કર્યા પછી પ્રધાનમંડળના સભ્યોની નિયુક્તિનો સમાવેશ થાય છે.

(ii) સર્વોચ્ચ તેમજ વડીઅદાલતના મુખ્ય તેમજ અન્ય ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

(iii) રાજ્યોના રાજ્યપાલોને નીમે છે. કેન્દ્રશાસિત રાજ્યોના ઉપરાજ્યપાલોની નિમણૂક તેઓ કરે છે.

(iv) ભારતના એટર્ની જનરલ, કૉમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને નીમે છે. આ ઉપરાંત નાણાપંચ, જાહેર સેવા પંચ, ચૂંટણીપંચ, ભાષાપંચ, નીતિપંચ વગેરેના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરે છે.

(v) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક-શૈક્ષણિક પછાત જાતિઓ, લઘુમતિઓ માટેના કમિશનરોની નિમણૂક કરે છે.

(vi) વિદેશોમાં ભારતના રાજદૂતો, હાઇકમિશનરોને નીમે છે. તેમજ વિદેશી રાજદૂતોના ઓળખપત્રોને તેઓ સ્વીકારે છે. અન્ય દેશો સાથેની સંધિ કે કરાર તેમના નામે કરવામાં આવે છે.

(vii) રાષ્ટ્રપતિ સંરક્ષણ દળોના હોદ્દાની રૂએ સર-સેનાધિપતિ (કમાન્ડર ઇન ચિફ) છે. તેઓ ભૂમિદળ, નૌકાદળ, હવાઈદળ અને સંરક્ષણની ત્રણેય પાંખોના વડાઓની નિમણૂક કરે છે.

રાષ્ટ્રપતિની ઉપરોક્ત તમામ સત્તાઓ વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળ તેમના નામે ભોગવે છે. રાષ્ટ્રપતિ ઔપચારિક સત્તાઓ ધરાવે છે. આ બધી સત્તાઓ વ્યવહારમાં વડાપ્રધાન, કૅબિનેટ અને પ્રધાનમંડળ ભોગવે છે. રાષ્ટ્રપતિએ બધી સત્તાઓ પોતાની ઇચ્છાને આધારે નહિ પરંતુ તેમણે વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહ અને મદદથી ભોગવવાની છે.

**(3) નાણાકીય સત્તા :** નાણાકીય ક્ષેત્રે રાષ્ટ્રપતિ નીચે પ્રમાણે સત્તાઓ ધરાવે છે :

(i) કોઈપણ નાણાકીય ખરડો તેમની ભલામણ સિવાય લોકસભામાં રજૂ થઈ શકતો નથી.

(ii) નાણાં પ્રધાન દેશનું વાર્ષિક સામાન્ય અંદાજપત્ર અને રેલવે પ્રધાન રેલવેનું વાર્ષિક અંદાજપત્ર રાષ્ટ્રપતિના નામે લોકસભામાં રજૂ કરે છે.

(iii) સંઘ અને રાજ્યો વચ્ચે કરવેરાની આવકની વહેંચણી કરવા સંબંધે ભલામણો કરવા તેઓ નાણાપંચની નિમણૂક કરે છે.

આમ, તેઓ નામ માત્રની નાણાકીય સત્તાઓ ધરાવે છે. તેઓ નાણાકીય ખરડાનો અસ્વીકાર કરીને રોકી શકતા નથી. તેને સંસદની પુનઃવિચારણા માટે પણ મોકલી શકતા નથી. નાણાકીય બાબતોમાં આખરી સત્તા સંસદના નીચલા ગૃહ - લોકસભાને છે.

**(4) ન્યાયવિષયક સત્તા :** રાષ્ટ્રપતિની કેટલીક મહત્ત્વની ન્યાયકીય સત્તાઓ નીચે પ્રમાણે છે :

(i) લશ્કરી અદાલત સિવાય દેશની કોઈ પણ અદાલતે ગુનેગારને ફરમાવેલી સજા તેઓ માફ કરી શકે છે. ગુનેગારની સજાને હળવી પણ કરી શકે છે.

(ii) ગુનેગારની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રાષ્ટ્રપતિ સજામાં વિરામ આપવાની સત્તા ધરાવે છે. જેમકે નાના બાળકનો ઉછેર કે ગર્ભવતી મહિલાઓને સજામાં વિરામ.

ભારતના રાષ્ટ્રપતિ કાનૂની રક્ષાકવચ ભોગવે છે. તેમના હોદ્દાની મુદત દરમિયાન જે સત્તાઓનો ઉપયોગ કરે છે તે માટે તેમના ઉપર કોઈ પણ ન્યાયાલયમાં કામ ચલાવી શકાય નહિ. તેમની સામે કોઈ ફોજદારી કાર્યવાહી થઈ શકતી નથી. તેમને કેદ કરવા કે ગિરફતાર કરવાનો કોઈ હુકમ ન્યાયાલય કરી શકતું નથી.

**(5) રાષ્ટ્રપતિની કટોકટીવિષયક સત્તાઓ :** ભારતના બંધારણમાં રાષ્ટ્રપતિને ખાસ સંજોગોને પહોંચી વળવા માટે કટોકટી અંગેની સત્તાઓ આપવામાં આવી છે. તેમાં ત્રણ પ્રકારની કટોકટીઓનો સમાવેશ થાય છે : (i) સલામતીવિષયક કટોકટી

(ii) બંધારણીય કટોકટી (iii) નાણાકીય કટોકટી

**(i) સલામતીવિષયક કટોકટી :** આ પ્રકારની કટોકટી બે પ્રકારે લાદી શકાય છે : (ક) બાહ્ય કટોકટી અને (ખ) આંતરિક કટોકટી.

જ્યારે યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવાની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હોય તેવું રાષ્ટ્રપતિને લાગે તો તેને પહોંચી વળવા માટે તેને રાષ્ટ્રીય કટોકટી અથવા સલામતીવિષયક કટોકટી જાહેર કરી શકે છે. જેમકે 1962માં ભારત-ચીન યુદ્ધ વખતે કટોકટી લાદવામાં આવી હતી. જ્યારે 1975માં સૌપ્રથમ વાર આંતરિક કટોકટી લાદવામાં આવી હતી.

સલામતીવિષયક કટોકટીની અસરો મુખ્યત્વે કરીને કેન્દ્ર-રાજ્ય સંબંધ પર પડે છે. કારણકે સમગ્ર પ્રદેશ એકતંત્રની વ્યવસ્થામાં ફેરવાઈ જાય છે અને કેટલાક મૂળભૂત અધિકારોનો ભોગવટો મોકૂફ રહે છે. જ્યારે ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે કે હવે કટોકટી ચાલુ રાખવા જેવી પરિસ્થિતિ નથી તો જાહેરનામું બહાર પાડીને તેનો અંત લાવી શકે છે.

**(ii) બંધારણીય કટોકટી :** ભારતના રાષ્ટ્રપતિને કોઈ રાજ્યના રાજ્યપાલ તરફથી એવો અહેવાલ મળે અથવા કોઈ બીજી રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે અમુક રાજ્યની સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ તે રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે અને તેને આધારે તે રાજ્યને રાષ્ટ્રપતિના શાસન હેઠળ મૂકવામાં આવે છે. (તેને રાષ્ટ્રપતિશાસન કહેવામાં આવે છે.)

અસરો :

- જે રાજ્યમાં રાષ્ટ્રપતિનું શાસન લાદવામાં આવ્યું હોય તેનો વહીવટ કેન્દ્ર સરકારને હસ્તક આવી જાય છે.
- તે રાજ્યની વિધાનસભાને મૂર્છિત અવસ્થામાં રખાય છે અથવા તો તેની મુદત પૂરી ન થઈ હોય છતાં વિસર્જન કરી શકાય છે.
- રાજ્યના રાજ્યપાલ (ગવર્નર) કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે તે રાજ્યનો વહીવટ કરે છે.
- આ સમય દરમિયાન તે રાજ્ય માટે રાજ્યયાદીના વિષયો ઉપર કાયદા ઘડી શકે છે અને તે રાજ્યના અંદાજપત્રને મંજૂરી પણ આપી શકે છે.

બંધારણીય કટોકટીના જાહેરનામાને સંસદના બંને ગૃહોની મંજૂરી માટે જાહેરનામાને બે મહિનાની અંદર રજૂ કરવું પડે છે અને જો તેને મંજૂરી મળે તો છ મહિના સુધી અમલમાં રહે છે.

**(iii) નાણાકીય કટોકટી :** જો ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે કે દેશના કોઈપણ ભાગમાં નાણાકીય સ્થિરતા કે શાખ ભયમાં છે તો નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકાય છે. નાણાકીય સ્થિરતા અને શાખની વિશેષ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ કટોકટી દરમિયાન કેન્દ્ર સરકાર નાણાકીય વ્યવહારો માટેના જરૂરી આદેશો રાજ્ય સરકારોને આપી શકે છે. રાજ્યના સરકારી-અર્ધસરકારી કર્મચારીઓ તેમજ સર્વોચ્ચ અદાલત વચ્ચે વડીઅદાલતોના ન્યાયમૂર્તિઓના પગાર અને ભથ્થાઓમાં કાપ મૂકી શકાય છે. ભારતમાં આ પ્રકારની નાણાકીય કટોકટી અત્યાર સુધીમાં જાહેર કરવામાં આવી નથી.

**રાષ્ટ્રપતિની સ્વવિવેકની સત્તાઓ**

રાષ્ટ્રપતિ માત્ર રબરસ્ટેમ્પ નથી. અમુક સંજોગોમાં તેઓ સ્વવિવેકની સત્તાઓ ધરાવે છે. જે તેમણે પોતાના વિવેકને આધીન રહીને ભોગવવાની છે. આ સત્તાઓ તેમના સ્થાનને વધુ મજબૂત બનાવે છે.

(i) લોકસભામાં જ્યારે કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હોય તો, કયા પક્ષ કે કયા ગઠબંધનના નેતાને સરકાર રચવા માટે આમંત્રણ આપવું તેનો નિર્ણય લેવાની સ્વવિવેકની સત્તા રાષ્ટ્રપતિ ધરાવે છે.

(ii) કોઈ પણ સંજોગોમાં અનેક પ્રયત્નો કર્યા છતાં સરકારની રચના થઈ શકે તેમ નથી તેવું લાગે તે વખતે રાષ્ટ્રપતિ એવાં તારણ પર આવી શકે કે, વર્તમાન લોકસભા લોકોનું પ્રતિનિધિત્વ વ્યક્ત કરવામાં નિષ્ફળ ગઈ છે તો તેઓ લોકસભાનું વિસર્જન જાહેર કરી શકે છે.

## ભારતના રાષ્ટ્રપતિનું સ્થાન

ભારતના રાષ્ટ્રપતિને હસ્તક વિશાળ સત્તાઓ મૂકવામાં આવી છે. કટોકટી અંગેની વિશાળ સત્તાઓ એવી દહેશત સર્જે છે કે તેઓ ધારે તો સરમુખત્યાર બની શકે તેમ છે. તેમનાં સ્થાન તથા સત્તાઓ અંગે અનેક વિવાદ સર્જાયા છે. પણ આપણા બંધારણના ઘડવૈયાઓના મતે રાષ્ટ્રપતિ એ એક બંધારણીય વડા છે અને તેઓ પોતાની સત્તાઓનો ઉપયોગ પોતાની મરજી મુજબ કરી શકતા નથી. તેઓ વડાપ્રધાન-પ્રધાનમંડળની સલાહ અનુસાર વર્તવા બંધાયેલા છે. ડૉ. આંબેડકર બંધારણના ઘડતરની પ્રક્રિયા સમયે તેમના સ્થાન અંગે ખુલાસો કરતાં કહેલું કે, ''બ્રિટનમાં રાજાનું જે સ્થાન છે તેવું જ સ્થાન ભારતમાં રાષ્ટ્રપતિનું છે. તેઓ રાજ્યના વડા છે. પરંતુ કારોબારીના વાસ્તવિક વડા નથી. તેઓ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ રાષ્ટ્ર પર શાસન કરતા નથી. તેઓ રાષ્ટ્રની એકતાનું પ્રતીક છે.''

## ભારતના ઉપરાષ્ટ્રપતિ

ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) છે. ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હતા.

**ચૂંટણી :**

સંસદનાં બંને ગૃહોના સભ્યોના બનેલા મતદારમંડળ દ્વારા ગુપ્ત મતદાન પદ્ધતિથી તેમની ચૂંટણી થાય છે.

**ઉપરાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો :** આ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ માટે જરૂરી છે કે,

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલી હોવી જોઈએ.

(iii) તે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાની પાત્રતા ધરાવતી હોવી જોઈએ.

(iv) સંઘ કે રાજ્ય સરકારમાં કોઈ પણ પ્રકારનો સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

(v) તે સંસદ કે રાજ્ય ધારાસભાના કોઈ પણ ગૃહની સભ્ય ન હોવી જોઈએ. જો આવી વ્યક્તિ ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટાય તો અન્ય હોદ્દા પરથી રાજીનામું આપવું પડે છે.

## પદની સમય-અવધિ


આ પદની સમયાવધિ સામાન્યતઃ પાંચ વર્ષની છે. આ સમયમર્યાદા પહેલાં તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે. રાજ્યસભાના તમામ સભ્યોની બહુમતીથી અને લોકસભા દ્વારા સંમતિ પામેલા રાજ્યસભાના ઠરાવથી તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે. ઉપરાષ્ટ્રપતિના ખાલી પડેલા સ્થાનની ચૂંટણી બની શકે તેટલી ઝડપથી કરવી તેવી બંધારણીય જોગવાઈ છે.

**શપથવિધિ :** ઉપરાષ્ટ્રપતિએ હોદ્દો ગ્રહણ કરતાં પહેલાં રાષ્ટ્રપતિ સમક્ષ અથવા તેમણે આ માટે નીમેલી વ્યક્તિ સમક્ષ શપથ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે છે.

**ઉપરાષ્ટ્રપતિની સત્તાઓ અથવા ફરજો :** કેન્દ્ર સરકારના અગ્રતા ક્રમમાં રાષ્ટ્રપતિ પછી તેઓ બીજા સ્થાને આવે છે. રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની તમામ ફરજ બજાવે છે.

ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકેની ફરજો માત્ર છ માસ સુધી જ બજાવી શકે છે. તે સમયે તેઓ રાષ્ટ્રપતિ તરીકે મળતાં પગાર-ભથ્થાં-સવલતો વિશેષાધિકારો ભોગવે છે. તે સમયે રાજ્યસભાના સભાપતિ તરીકેની ફરજો બજાવી શકતા નથી. તે ફરજ રાજ્યસભાના ઉપસભાપતિ (ડૅપ્યુટી ચૅરમૅન) બજાવે છે. રાષ્ટ્રપતિ જો રાજીનામું આપવા માંગતા હોય તો તેમણે ઉપરાષ્ટ્રપતિને ઉદ્દેશીને રાજીનામું આપવાનું હોય છે.

**ભારતમાં કેન્દ્ર કક્ષાએ કારોબારી :**



### વડાપ્રધાન અને પ્રધાનમંડળ

સંસદીય સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળની ભૂમિકા અને મહત્ત્વ અનેરું અને આગવું છે. કારોબારીની તમામ વાસ્તવિક સત્તાઓ વડાપ્રધાન અને પ્રધાનમંડળ હસ્તક રહેલી છે. વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે.

બંધારણની જોગવાઈ અનુસાર રાષ્ટ્રપતિને તેમનાં કાર્યોમાં સલાહ અને મદદ કરવા વડાપ્રધાનની આગેવાની નીચે એક પ્રધાનમંડળ હોય છે. રાષ્ટ્રપતિ તેમની સલાહ માનવા બંધાયેલા છે. આ બાબતમાં પ્રધાનમંડળે કઈ સલાહ આપી તે અંગે ભારતની કોઈપણ અદાલતમાં વિવાદ ઉઠાવી શકાતો નથી.

### પ્રધાનમંડળની રચના

(i) સામાન્ય કે મધ્યસત્ર ચૂંટણીમાં ચૂંટાયેલા બહુમતી પક્ષના નેતાની રાષ્ટ્રપતિ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(ii) ક્યારેક કોઈ એક પક્ષને લોકસભામાં સ્પષ્ટ બહુમતી ન મળી હોય ત્યારે સમાન વિચારધારા ધરાવતા પક્ષોની મિશ્ર સરકાર પણ રચાય છે. તેના પસંદ થયેલ નેતાની તેઓ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(iii) વડાપ્રધાનની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના અન્ય સભ્યોની પસંદગી કરે છે.

(iv) રાષ્ટ્રપતિ વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળના સભ્યોને ગુપ્તતાના તેમજ હોદ્દાના શપથ લેવડાવે છે.

(v) રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ અનુસાર પ્રધાનોને વિભાગોની વહેંચણી કરે છે અથવા પુનઃરચના કરે છે.

### પ્રધાનપદ માટેની લાયકાતો

(i) પ્રધાનપદ માટે સંસદના ગમે તે ગૃહનું સભ્યપદ જરૂરી છે.

(ii) કોઈપણ ગૃહનો તે વ્યક્તિ સભ્ય ન હોય છતાં તેની નિમણૂક પ્રધાન કે વડાપ્રધાન તરીકે કરી શકાય છે. પણ તેણે છ માસમાં જ ગમે તે ગૃહનું સભ્યપદ મેળવી લેવું અનિવાર્ય છે. નહિતર પ્રધાનમંડળનો ત્યાગ કરવો પડે છે.

(iii) પ્રધાનોની પસંદગી એ વડાપ્રધાનનો વિશેષાધિકાર છે. પક્ષમાં ન હોય તેવી વ્યક્તિને પણ તેઓ પ્રધાનમંડળના સભ્ય તરીકે પસંદ કરી શકે છે.

પ્રધાનો ક્યારેક વડાપ્રધાનની સાથે મતભેદને કારણે સ્વયં છૂટા થાય છે. તો ક્યારેક વડાપ્રધાન પોતે તેમને રૂખસદ કે રાજીનામું આપવાની ફરજ પાડે છે.

### પ્રધાનોની કક્ષા (સ્તર)

કેન્દ્ર સરકારના પ્રધાનમંડળમાં ત્રણ કક્ષાના પ્રધાનો હોય છે : (1) કૅબિનેટ કક્ષા (2) રાજ્ય કક્ષા (3) નાયબ કક્ષા.

કૅબિનેટ કક્ષાના પ્રધાનો નીતિ ઘડે છે. સરકારને દોરવણી આપતું તે નાનું રાજકીય મંડળ છે. અન્ય કક્ષાના પ્રધાનો કૅબિનેટ કક્ષાના પ્રધાનોને મદદ કરે છે. ક્યારેક રાજ્ય કક્ષાના પ્રધાનને કોઈક વિભાગનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવે છે. કેટલાક રાજ્યમંત્રી કૅબિનેટ મંત્રીઓને આધીન હોય છે.

### સમય-અવધિ

પ્રધાનમંડળની મુદત લોકસભાની માફક પાંચ વર્ષની છે. વડાપ્રધાનનું અવસાન અથવા રાજીનામાથી પ્રધાનમંડળનો અંત આવે છે અને નવું પ્રધાનમંડળ સત્તા પર આવે છે. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો સમગ્ર પ્રધાનમંડળ એક ટીમ તરીકે રાજીનામું આપે છે.

### પગાર-ભથ્થાં અને સવલતો

સંસદ વખતોવખત ઠરાવ કરીને તેમનાં પગાર-ભાડાં-ભથ્થાં નક્કી કરે છે. તેમાં નાણાકીય કટોકટી સિવાય કાપ મૂકી શકાતો નથી.

## વડાપ્રધાનનાં કાર્યો

સરકારિયા પંચની ભલામણો તેમજ બંધારણીય સુધારા મુજબ પ્રધાનમંડળના સભ્યોની સંખ્યા લોકસભાની કુલ સભ્ય-સંખ્યાના 15 ટકાથી વધવી ન જોઈએ. ભારતના બંધારણમાં રાજ્યના વડા રાષ્ટ્રપતિને ચોક્કસ સત્તાઓ આપવામાં આવી છે. ભારતના વડાપ્રધાનનું મુખ્ય કાર્ય રાષ્ટ્રપતિનાં કાર્યમાં સહાય અને સલાહ આપવાનું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સંસદીયપ્રથાની સરકારમાં વડાપ્રધાન નિર્ણયો લે છે. તેઓ શાસનના મુખ્ય પ્રવક્તા છે. ભારતના વડાપ્રધાનનાં કાર્યો ને સત્તાઓ નીચે પ્રમાણે છે :

**(1) કારોબારી કાર્યો :** ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર પ્રધાનમંડળના સભ્યોની નિમણૂકનો અધિકાર રાષ્ટ્રપતિ પાસે છે. પરંતુ તે માત્ર ઔપચારિકતા જ છે. વાસ્તવિક રીતે પ્રધાનમંડળના સભ્યોની પસંદગી વડાપ્રધાનનો વિશેષાધિકાર છે. તેમાં સરકારના સાતત્ય અને સંતુલન માટે જુદા જુદા વર્ગો, હિતો, ધર્મો, પ્રદેશોનું પ્રતિનિધિત્વ સચવાય તેવું ધ્યાન રાખવામાં આવે છે.

કઈ વ્યક્તિને કયું ખાતું કે વિભાગ આપવો તે તેમની મરજી પર અવલંબે છે. તેઓ ગમે તે સભ્યને પ્રધાનમંડળમાંથી રૂખસદ આપી શકે છે. પ્રધાનમંડળની પુનઃરચના, ખાતાં કે વિભાગોની પુનઃરચના, બિનકાર્યક્ષમ પ્રધાનોને પડતા મૂકવાની સત્તા તેઓ ધરાવે છે. કોઈ પ્રધાન પ્રધાનમંડળના નિર્ણય સાથે અસહમત થાય તો તેને રાજીનામું આપવાનું કહે છે અથવા પ્રધાનમંડળમાંથી દૂર કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરે છે.

પ્રધાનમંડળની બેઠકનું તેઓ અધ્યક્ષસ્થાન સંભાળે છે. તેમાં નિર્ણય-ઘડતરની પ્રક્રિયામાં કૅબિનેટનું મહત્ત્વ વિશેષ છે. વડાપ્રધાન પણ તેમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તેઓ દેશની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓના ઘડવૈયા છે. તેઓ પ્રધાનો વચ્ચે અને પ્રધાનમંડળ અને રાષ્ટ્રપતિ વચ્ચે સંકલન કે સંપર્ક કડીની ભૂમિકા ભજવે છે.

**(2) ધારાકીય કાર્યો :** વડાપ્રધાન ધારાકીય કાર્યવાહીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ સંસદીય નેતૃત્વ પણ ધરાવે છે. તેઓ બહુમતી પક્ષના નેતા તરીકે લોકસભામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેઓ અધ્યક્ષ સાથે સતત સંપર્ક રાખીને લોકસભાનું સત્ર બોલાવવું, સમય, તારીખ નિર્ધારિત કરવી, સત્રાવસાનની પ્રક્રિયા રાષ્ટ્રપતિ તેમની સલાહ અનુસાર ગોઠવે છે.

તેઓ સંસદમાં રજૂ થનાર ખરડાઓને આખરી ઓપ જે-તે ખાતાના મંત્રી દ્વારા અપાવે છે. સંસદમાં ખરડા પસાર કરાવવામાં સહભાગી થાય છે. તે ખરડાઓના હેતુઓ, ઉદ્દેશો, જોગવાઈઓ વગેરેની સ્પષ્ટતામાં તેઓ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જરૂર પડ્યે આ અંગે વિરોધ પક્ષની તથા સર્વપક્ષીય બેઠક બોલાવીને વિશ્વાસમાં લે છે. તેઓ સરકારના મુખ્ય પ્રવક્તા છે. તેઓ મંત્રીમંડળના નીતિવિષયક નિર્ણયોની ઘોષણા સંસદમાં કરે છે. તે અંગેના જરૂરી ખુલાસાઓ પણ કરે છે.

**(3) નાણાકીય કાર્યો :** વડાપ્રધાનના માર્ગદર્શન તળે નાણામંત્રી વાર્ષિક અંદાજપત્ર (બજેટ) સંસદમાં રજૂ કરે છે. દેશની નાણાકીય નીતિ, આર્થિકનીતિમાં તેમનું દૃષ્ટિબિંદુ નિર્ણાયક હોય છે. કૅબિનેટની બેઠકમાં તેને આખરી ઓપ અપાય છે. ભારતના વડાપ્રધાન હોદ્દાની રૂએ નીતિપંચના અધ્યક્ષ ગણાય છે. જરૂર પડે જે-તે રાજ્યના તેમજ તેના કોઈ વિસ્તારના વિકાસ અંગે કેન્દ્રીય ભંડોળમાંથી ખાસ રાહત પૅકેજ મંજૂર કરે છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓના સમયે તેઓ જે-તે રાજ્યને વડાપ્રધાનના ભંડોળમાંથી સહાય આપે છે.

**(4) વહીવટી કાર્યો :** વડાપ્રધાન સમગ્ર વહીવટી તંત્ર ઉપર વર્ચસ્વ ધરાવે છે. તેઓ દ્વારા ઘડાયેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓને કાર્યાન્વિત કરવા વહીવટીતંત્રને તે દિશામાં વાળીને વહીવટી તંત્રને ગતિશીલ કરે છે. રાષ્ટ્રપતિ દ્વારા થતી વહીવટી નિમણૂકોમાં તેમનો મત નિર્ણાયક રહે છે. વહીવટસંબંધી સંસદમાં પુછાયેલા પ્રશ્નોના તેઓ જવાબ આપે છે. દુનિયાનાં અન્ય રાષ્ટ્રો સાથે સંધિ કે કરારમાં તેમનું જ દૃષ્ટિબિંદુ પ્રભાવશાળી રહે છે. આમ, તેઓ આંતરિક અને બાહ્ય વિદેશ નીતિમાં રાષ્ટ્રપતિની સત્તાઓનો વાસ્તવિક રીતે અમલ કરે છે. આમ, વડાપ્રધાનનું સ્થાન સંસદીય સરકારમાં ચાવી રૂપ છે.

## વડાપ્રધાનનું સ્થાન


ભારતના વડાપ્રધાનની પાસે અનેક સત્તાઓ છે. તે દેશની કારોબારીના વાસ્તવિક વડા છે અને સંસદમાં તેમને બહુમતીનો ટેકો હોય છે.

વડાપ્રધાન કેન્દ્ર સરકારના પ્રધાનમંડળના સુકાની છે. સંસદીય સરકારમાં તેમનું સ્થાન સર્વોપરી છે. તેઓ જ વાસ્તવિક કારોબારી ગણાય છે. તેઓ જ કૅબિનેટરૂપી જહાજના સુકાની છે. દેશની સત્તાના સૂત્રધાર છે. તેઓ સત્તાધારી પક્ષ કે ગઠબંધનના નેતા છે. સંસદના પ્રથમ ગૃહ એવા લોકસભાના પણ નેતા છે.

કાનૂની અને બંધારણીય અર્થમાં તેઓ પ્રધાનોના ઉપરી કે વડા નથી. પણ તેમનું સ્થાન 'સમાનોમાં પ્રથમ' છે.

**(બ) રાજ્યકક્ષાએ કારોબારી :**

**રાજ્યની સરકાર**




**રાજ્યપાલ**

ભારતીય સમવાયતંત્રની વિશિષ્ટ જોગવાઈ મુજબ કેન્દ્ર રાજ્ય સંબંધોની કડીમાં રાજ્યની કારોબારીમાં રાજ્યપાલનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. રાજ્યની કારોબારી રાજ્યપાલ તેમજ મુખ્યપ્રધાન અને પ્રધાનમંડળની બનેલી છે. ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર પ્રત્યેક રાજ્યમાં એક રાજ્યપાલની જોગવાઈ કરવામાં આવી છે. ક્યારેક એક જ વ્યક્તિ બે કે તેથી વધુ રાજ્યો માટે રાજ્યપાલ તરીકે નીમવામાં આવે છે.

**નિમણૂક**

રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

**લાયકાતો**

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તે વ્યક્તિ 35 વર્ષથી વધુ વય ધરાવતી હોવી જોઈએ.

(iii) સંસદના કોઈ પણ ગૃહ અથવા રાજ્યની ધારાસભાના કોઈ પણ ગૃહની તે સભ્ય ન હોવી જોઈએ. જો તે કોઈ પણ ગૃહની સભ્ય હોય તો તે જે દિવસ રાજ્યપાલનો હોદ્દો ધારણ કરે તે દિવસથી તેણે સભ્યપદેથી રાજીનામું આપી દેવું પડે છે.

(iv) તે વ્યક્તિ સંઘ સરકાર તેમજ રાજ્ય સરકારમાં કોઈ સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી રાજ્યપાલ હોદ્દો ધરાવે છે. સામાન્ય રીતે તેમની નિમણૂક પાંચ વર્ષ માટે કરવામાં આવે છે. આ મુદત તેઓ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની ગણાય છે. રાષ્ટ્રપતિ રાજ્યપાલને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે. તેમની અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે પણ બદલી થઈ શકે છે.

રાજ્યપાલે ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપવાનું હોય છે.

**સોગંદ-શપથવિધિ**

રાજ્યપાલે પોતાનો હોદ્દો ગ્રહણ કરતાં અગાઉ રાજ્યની વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ અને તેમની ગેરહાજરીમાં તે ન્યાયાલયના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશની હાજરીમાં હોદ્દાના શપથ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્રમાં સહી કરવી પડે છે.

**પગાર-ભથ્થાં અને અન્ય સવલતો**

રાજ્યના બંધારણીય વડા તરીકે તેમને રહેઠાણ, પગાર-ભથ્થાં વગેરે સવલતો આપવામાં આવે છે.

**રાજ્યપાલની સત્તાઓ**

કેન્દ્ર સરકારમાં રાષ્ટ્રપતિ જે બંધારણીય વડાનું સ્થાન ધરાવે છે. તેવું જ બંધારણીય વડાનું સ્થાન રાજ્યમાં રાજ્યપાલ ધરાવે છે.

**(1) કારોબારી સત્તાઓ :** રાજ્યપાલ કેટલીક નિમણૂક-સત્તા ધરાવે છે. જેમકે સામાન્ય ચૂંટણી પછી બહુમતી ધરાવતા પક્ષના નેતાને મુખ્યમંત્રી તેમજ તેમની સલાહથી અન્ય મંત્રીઓની નિમણૂક ઉપરાંત અસડવોકેટ જનરલ, રાજ્ય જાહેર સેવાપંચના અધ્યક્ષ તેમજ સભ્યોની ઉપરાંત જે-તે યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની નિમણૂક મુખ્ય છે.

રાજ્યમાંની બંધારણીય કટોકટીમાં કેન્દ્રના પ્રતિનિધિ તરીકે રાજ્યનો સમગ્ર વહીવટ સંભાળે છે.

**(2) ધારાકીય સત્તાઓ :** રાજ્યપાલ રાજ્યની ધારાસભાનું અભિન્ન અંગ છે.

રાજ્યપાલ નવી રચાયેલ ધારાસભાના બંને ગૃહોની અલગ-અલગ બેઠક (બે ગૃહ હોય તો) બોલાવીને તેને સંબોધન કરવાની, વિધાનસભાની સત્રસમાપ્તિ વિસર્જનની, બંને ગૃહોમાં ત્રણેક વાચનમાંથી પસાર થયેલા ખરડા પર સહી કરી કાયદો બનાવવાની, ખરડાને પુનઃવિચાર માટે વિધાનસભાને પરત મોકલવાની, પુનઃપસાર થયેલા ખરડાને મંજૂર કરવાની, કોઈ ખરડાને જરૂર જણાય તો રાષ્ટ્રપતિની મંજૂરી માટે કેન્દ્રમાં મોકલવાની, રાજ્યની વિધાનપરિષદમાં સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજ-સેવા, સહકારી પ્રવૃત્તિઓની તજજ્ઞોની નિમણૂક કરવાની તેમજ જ્યારે વિધાનસભાની બેઠક કાર્યરત ન હોય ત્યારે તેવા સંજોગોમાં તાત્કાલિક પગલાં લેવાં જરૂર જણાય તો વટહુકમ પ્રસિદ્ધ કરવાની રાજકીય સત્તા ધરાવે છે.

**(3) નાણાકીય સત્તાઓ :** રાજ્યપાલની પૂર્વ સંમતિથી રાજ્યનું જે-તે વર્ષનું વાર્ષિક અંદાજપત્ર (બજેટ) તેમજ પૂરક માગણીઓ, ખર્ચની જોગવાઈઓ રાજ્યના નાણામંત્રી દ્વારા વિધાનસભામાં રજૂ થાય છે.

વધુમાં રાજ્યની વિધાનસભાની મંજૂરીને આધીન રહીને અણધાર્યા કે આકસ્મિક ખર્ચને પહોંચી વળવા તેઓ રાજ્યના સંચિતનિધિમાંથી રકમ ઉપાડીને ખર્ચ કરવાની સત્તા નાણાકીય સત્તા ધરાવે છે.

**(4) ન્યાયવિષયક સત્તાઓ :** રાજ્યપાલ રાજ્યના ન્યાયિક અધિકારીઓની નિમણૂક, ભરતી, બઢતી, બરતરફીની તેમજ તેમને જે-તે કાયદાના ભંગ બદલ દોષિત ગુનેગારની સજા માફ કરવાની, મોકૂફ રાખવાની, રાહત આપવાની, સજા હળવી કરવાની કે તેમાંથી મુક્તિ આપવાની ન્યાયવિષયક સત્તાઓ ધરાવે છે.

**(5) રાજ્યપાલની સ્વવિવેકની સત્તાઓ :** રાજ્યના રાજ્યપાલ સ્વવિવેકની સત્તાઓના ઉપયોગ થકી તેઓ માત્ર રાજ્યના ઔપચારિક કે વડા કે બંધારણીય વડાથી પણ વિશિષ્ટ દરજ્જો પામે છે. જેમાં કોઈ પણ રાજકીય પક્ષને સામાન્ય ચૂંટણીમાં બહુમતી ન મળે ત્યારે આવી પ્રવાહી પરિસ્થિતિમાં મુખ્યમંત્રીની પસંદગી શપથવિધિ બાબત મંત્રીમંડળે વિધાનસભાનો વિશ્વાસ ગુમાવ્યો તથા રાજીનામું આપે ત્યારે તેમજ મંત્રીમંડળ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલું હોય તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિની સલાહથી

મંત્રીમંડળને બરતરફ તથા મંત્રીમંડળનું પતન થયું હોય, ત્યારે વિધાનસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

આમ ઉપર્યુક્ત સત્તાઓના અમલીકરણ બાબત તેમને અદાલતમાં પડકારી શકાતા નથી.

**રાજ્યપાલનું સ્થાન**

આપણે ત્યાં સંઘ તેમજ એકમ રાજ્યોમાં સંસદીય પ્રકારની સરકાર અપનાવી હોવાથી સંઘમાં રાષ્ટ્રપતિનું જેવું સ્થાન છે તેવું જ સ્થાન રાજ્યમાં રાજ્યપાલનું છે. રાજ્યના તેઓ બંધારણીય અને ઔપચારિક વડા છે.

આમ છતાં પણ આ હોદ્દાની ઊજળી બાજુ પણ છે. જો રાજ્યપાલ પીઢ, અનુભવી, કાબેલ, રાજનીતિજ્ઞ અને દીર્ઘ દૃષ્ટિવાળા હોય તો રાજ્યમાં અસરકારક પ્રભાવની છાપ અંકિત કરી શકે છે.

રાજ્યના રાજ્યપાલ શાસનકર્તા નથી પરંતુ બંધારણની રખેવાળી કરનાર છે.

**રાજ્યના મુખ્યમંત્રી - મંત્રીમંડળ**

સંઘ સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે. તે જ રીતે મુખ્યમંત્રી અને મંત્રીમંડળ જે-તે રાજ્યમાં વાસ્તવિક કારોબારી ગણાય છે.

બંધારણની જોગવાઈ મુજબ રાજ્યપાલને મદદ કરવા અને સલાહ આપવા માટે મુખ્યમંત્રીના વડપણ હેઠળ મંત્રીમંડળની જોગવાઈ કરવામાં આવી છે. પણ વ્યવહારમાં સંસદીય સરકારની પ્રણાલી મુજબ વિધાનસભામાં ચૂંટાઈ આવેલ બહુમતી પક્ષના નેતાની રાજ્યપાલે મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવાની હોય છે.

મુખ્યમંત્રીની સલાહ મુજબ રાજ્યપાલ અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે. મંત્રીઓ વિધાનસભામાં બહુમતીનો ટેકો હોય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકે છે.

મુખ્યમંત્રી કે મંત્રી તરીકે નિમાનાર વ્યક્તિ ધારાસભાના ગમે તે ગૃહની વિધાનસભાની કે વિધાનપરિષદની સભ્ય હોવી જોઈએ. જો તે ન હોય તો છ માસની મુદતમાં ગમે તે ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈ આવવું અનિવાર્ય છે, નહિતર તેઓને તે પદનો ત્યાગ કરવો પડે છે.

**શપથવિધિ**

મુખ્યમંત્રી તેમજ અન્ય મંત્રીઓને તેમના હોદ્દાના તેમજ ગુપ્તતાના સોગંદ રાજ્યપાલ લેવડાવે છે અને ત્યારબાદ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરાવે છે.

**પ્રધાનોની કક્ષા (સ્તર)**

રાજ્યના પ્રધાનોની કક્ષા ચાર પ્રકારની છે :

(અ) કૅબિનેટ (બ) રાજ્યકક્ષા (ક) નાયબકક્ષા (ડ) સંસદીય સચિવ

આ કક્ષા અંગેની જે-તે વ્યક્તિની પસંદગી માટે મુખ્યમંત્રી વિશેષાધિકાર ભોગવે છે.

રાજ્યના મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળના સભ્યોનાં પગાર, ભાડાં-ભથ્થાં તથા અન્ય સવલતો રાજ્યની ધારાસભા કાયદા દ્વારા નક્કી કરે છે.

**મુખ્યમંત્રીનાં કાર્યો**

મુખ્યમંત્રી અને મંત્રીમંડળ વાસ્તવમાં રાજ્યના કારોબાર-વહીવટની ધુરા સંભાળે છે. મુખ્યમંત્રીને કેટલાંક કર્તવ્યો નિભાવવાના હોય છે જે નીચે મુજબ છે :

(1) મંત્રીમંડળના સભ્યોની પસંદગી તેમજ તેમને ખાતાઓની વહેંચણી, પુનઃવહેંચણી, મંત્રીને રુખસદ, નવા મંત્રી તરીકેની પસંદગી વગેરે જેવા વિશેષાધિકાર છે.

(2) રાજ્યના રાજ્યપાલ અને મંત્રીમંડળ વચ્ચે વહીવટી સંકલન જાળવવાનું કાર્ય કરે છે.